Anoopam Mission

॥ સ્વામિશ્રીજી ॥


# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે
મે ૨૦૨૨ * વર્ષ ૩૭ * અંક ૨





જે વ્હાલપભરી મૂર્તિના સ્મરણથી, હૈયાં મધુરાં થતાં;
જેના શબ્દ ને સ્પર્શમાં જનનીનાં, નેહ નીતરતાં હતાં,
એવા શ્રી ગુરુદેવ યોગીજી મહારાજને ૧૩૦મી પ્રાગટ્ય જયંતીએ આર્દ્રભાવે નમન હો સદા સર્વદા !


‘સત્પુરુષ
પૃથ્વી ઉપરથી
કદી જતા જ નથી...’

યોગીબાપા પ્રાગટ્ય પર્વ
આપણે સૌ પ્રગટ-પ્રત્યક્ષના ઉપાસકો
**'સત્પુરુષ પૃથ્વી ઉપરથી કદી જતા જ નથી...'**
આ પરમ સત્ય શાસ્ત્રીજી મહારાજે ઉચ્ચાર્યું
યોગીબાપાએ તે વારંવાર પુરશ્ચરણ કર્યું
સાહેબદાદાએ તે સ્વીકાર્યું ને બોધ્યું
સ્વીકાર્યું તે શું ?
તો યોગીબાપા શ્રી અક્ષરપુરુષોત્તમનું પ્રગટ સ્વરૂપ
તે સર્વ ઐશ્વર્યના સ્વામી
આપણાં ચૈતન્યોને ઓળખ્યાં ને સ્વીકાર્યાં
તે સૌ ચૈતન્યો શુદ્ધ ઉપાસના સમજે ને આચરે
તે પ્રત્યક્ષ સ્વરૂપને સેવે ને અંતર શુદ્ધ કરતા રહે
તે માર્ગે આ સૌ મારા સાથી ને સર્વ
પ્રતિપળ યોગીબાપાનાં વચન માને ને વર્તે
પોતાનાં વિચાર વાણી વર્તન તે અનુસાર કરે
તેમાં ચૂક પડે તો પ્રાર્થનાનું બળ લે
તે કરાવવા સાહેબજી પ્રાર્થનાબળ પૂરતા રહ્યા
યોગીબાપાની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરતા રહ્યા
યોગીબાપાએ શાસ્ત્રીજી મહારાજ પાસે જે માગ્યું...
**'તમારી કસણીમાં હંમેશાં રહેવાય,**
**તમારા શરણમાં રહેવાય એવા ગુણ આપજો...'**
કોઈ પણ પ્રસંગે સંબંધવાળા સાથેના વર્તનમાં
માહાત્મ્ય ચુકાય નહિ... તે દિવ્ય જ મનાય...
તે કસણીમાં રહ્યા... શરણમાં રહ્યા.
**'તમારા ભક્તોમાં સુહૃદભાવ રહે, મન નોખું ન રહે...**
**મનુષ્યભાવ ન આવે, સદાય દિવ્યભાવ રહે...'**
જેવા બાપા દિવ્ય મનાયા... સાહેબજી મનાયા
તેવાં જ આ સૌ આશ્રિતો દિવ્ય
સૌ સાધનામાર્ગે બ્રહ્મરૂપમાંથી બ્રહ્મસ્વરૂપ થવાના માર્ગે
પ્રગતિ કરે છે ને 'સ્વ'ને ઓગાળતાં રહે છે
સૌ સેવા કરી મારા પ્રભુને પ્રસન્ન કરતાં રહે છે
યોગીબાપા-સાહેબજીની કૃપાશિષ ઝીલતાં રહે છે
તે માન્યું ને સૌ સાથે વર્તન કર્યું તે દિવ્યભાવ.
**'તમારા સંબંધવાળા ગમે તેવા હોય...**
**પણ તેને માથાના મુગટ માનીએ...'**
તેવા સંબંધી સર્વ પાસે રાંકભાવ રાખીએ
તે સૌને નમીએ.. વંદીએ...
તે સૌની સેવા સાચા મહિમાભાવે કરતા રહીએ
તે સૌ સાથે દાસત્વભાવ ધારીએ
તે મુગટ માન્યા.
**'કોઈ સાથે આંટી ન પડી જાય,**
**સંબંધવાળાને ઓળખી શકીએ**
**તેવી બુદ્ધિ આપજો**
**તમારા જેવી બુદ્ધિ અમને આપજો !...'**
સ્વભાવ કે દોષ ન જોયા... દેખાયા જ નહિ
કેવળ સંબંધના ભાવે નમતા રહેવાયું
સર્વ સાથે સંબંધભાવે વર્તતા થઈ જવાયું
તે દિવ્ય બુદ્ધિ થઈ ગઈ...
યોગીબાપાએ શાસ્ત્રીજી મહારાજ પાસે માગ્યું
ને તે બ્રહ્મસ્વરૂપપણાનું દર્શન કરાવ્યું
સાહેબદાદાએ યોગીબાપા પાસે માગ્યું ને લાધ્યું
તેનાં દિવ્ય દર્શન પ્રતિપળ કરાવે છે...
આજે યોગીજયંતીએ...
**હે મહારાજ ! હે સ્વામી !**
**હે શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વરૂપ યોગીબાપા !**
આપે અમને સૌને સાહેબજી દીધા
તે સ્વરૂપે આપ દર્શન દો છો
તે પૂર્ણતઃ સ્વીકારીએ
તેઓનાં દર્શન... સેવા... ભક્તિ તે ભાવે કરીએ.
યોગીબાપાએ જે શાસ્ત્રીજી મહારાજ પાસે માગ્યું
સાહેબજીએ તે સર્વ આત્મસાત્ કર્યું
સાહેબજીને અમને સૌને તે જ દેવું છે
તે સદાય દૃષ્ટિ સમક્ષ રાખી પ્રાપ્ત કરવું જ છે
તે અનુસંધાને પ્રતિપળ જાગ્રત રહી જીવવું જ છે
તે માટે જીવી લેવાનો અમારો સંકલ્પ છે
તે પૂર્ણ કરો... પૂર્ણ કરો
**'આજે પ્રાર્થના કરીને કાલે ફરી ન જઈએ...'**
તે સાચા અર્થમાં 'યોગીજયંતી' ઊજવી
તેનો આનંદ અમ સૌના ઉરે છલકાવી દો !

સાધુ શાંતિદાસના જય સ્વામિનારાયણ.
**બ્રહ્મજ્યોતિ, કાકાજી સ્મૃતિદિન... ૭.૫.૨૦૨૨**







### સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૮ : 'ઇન્દ્રિયોની ક્રિયાને ભગવાન અને સંતની સેવામાં રાખ્યાનું'નું નિરૂપણ, ૨૪ એપ્રિલ ૨૦૧૯, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "ઇન્દ્રિયોની જે ક્રિયા છે તેને જો શ્રીકૃષ્ણ ભગવાન અને તેના ભક્તની સેવાને વિષે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે અને અનંત કાળનાં જે પાપ જીવને વળગ્યાં છે તેનો નાશ થઈ જાય છે."**

જોયું ? આપણે શું કરવા આવ્યા છીએ ? મંદિરનું કામ કરવા ? ના. અંતઃકરણને શુદ્ધ કરવા આવ્યા છીએ. આપણે કોઈને પૂછીએ કે, 'સુરત કેમ ગયા છો ?' તો શું કહે ? 'પૈસા કમાવા.' લોકો ઇંગ્લૅન્ડ-અમૅરિકા કેમ જાય છે ? તો પૈસા કમાવા. પૈસા મળે તો જીવન સુખ-સુવિધાવાળું થાય, સારું રહેવાનું મળે, ગાડી મળે, ગરમી હોય તો ઍરકન્ડિશન મશીન મળે તો કમ્ફર્ટ રહે, પણ સાચું સુખ તો ઇન્દ્રિયો-અંતઃકરણ ચોખ્ખાં થાય તો મળે.

પાણીનો પ્યાલો તમે બહારથી ઘસીઘસીને ગમે એટલો ચોખ્ખો બનાવો, પણ અંદર પાણીમાં કચરો હોય તો તમે પાણી પીવો ? પ્યાલાને પહેલાં બહારથી જુઓ ને તે ચોખ્ખો હોય તો તેને હાથમાં લો, પણ હાથમાં લીધા પછી અંદર કચરો જુઓ તો પાણી ઢોળી દો. એમ સમૃદ્ધિ, બહારની ચોખ્ખાઈ, નિયમ-ધર્મ ને બધું બહારનું છે, પણ અંદરથી જ્યાં સુધી શુદ્ધિકરણ ના થાય ત્યાં સુધી સાચું સુખ આવે નહીં. બહારની ચોખ્ખાઈની જરૂર છે જ, આપણે પ્યાલો ચોખ્ખો જ પસંદ કરીએ; પણ વિશેષ જે અંદર છે, એ ચોખ્ખું હોવું જોઈએ. તો એ શુદ્ધ કેવી રીતે કરવું ? શ્રી સ્વામિનારાયણ ભગવાન એનો ઉપાય બતાવે છે.

રાગ, દ્વેષ ને બધું અંદર અંતઃકરણમાં છે, અમૅરિકાવાળા જોડે વાત કરે, પણ બે જણા બાજુબાજુમાં બેઠા હોય તોય બોલે નહીં, બાજુવાળા જોડે વાત ના કરે, એના માટે એટલો દ્વેષ હોય, એના માટે એટલો બધો ક્લેશ હોય એટલે વાત ના કરે.

જીસસ ક્રાઈસ્ટે બ્રહ્મસૂત્ર આપ્યું કે, 'તમે તમારી જાતને જેટલો પ્રેમ કરો છો એટલો તમારા પાડોશીને પ્રેમ કરો.' કારણ કે, મોટે ભાગે અથડામણ પાડોશી સાથે, સાથે કામ કરનારા સાથે, એકસરખા લૅવલના માણસો સાથે થાય. એવું શાથી થાય છે? અંતઃકરણમાં રાગ-દ્વેષ છે એટલે. રાગ એટલે પોતાપણું-મારાપણું અને દ્વેષ એટલે એનાથી તિરસ્કાર. પોતાનું છે એના વિશે પ્રેમ થાય અને જેના વિશે પ્રેમ નથી-દ્વેષ છે એના વિશે તિરસ્કાર થાય. પ્રેમ પણ નકામો છે ને તિરસ્કાર પણ નકામો છે. પ્રભુનો ભાવ અંતઃકરણ શુદ્ધ થાય તો થાય. એના માટે કોઈ દવા શોધાઈ નથી. એ દવા આપણને આપણા ભગવાનના અવતારોએ, સંતોએ બતાવી કે, 'ઇન્દ્રિયોની જે ક્રિયા છે તેને જો શ્રીકૃષ્ણ ભગવાન ને એમના ભક્તોની સેવાને વિશે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે.' એટલે આપણે શેના માટે આવ્યા છીએ ? અંતઃકરણને શુદ્ધ કરવા માટે આવ્યા છીએ.

આપણે બધા એમ જાણીએ કે, આપણે મંદિરની સેવા કરીએ છીએ, મંદિરમાં દાન કરીએ છીએ, શ્રમયજ્ઞ કરીએ છીએ. ના ! એ સેવાઓ દ્વારા પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થતાં આપણે આપણું અંતઃકરણ ચોખ્ખું કરીએ છીએ. કોઈ હૉસ્પિટલમાં દાખલ થાય તો ફી આપે છે. તો એમ કહે કે, દવાખાનામાં દાન કર્યું ? ના. આપણને જે દુઃખી કરે છે, દેહમાં જે દુઃખ ઉત્પન્ન કરે છે એવા રોગો ટાળવાની હૉસ્પિટલમાં ફી આપીએ છીએ. એમ જીવને જે ગૂંગળામણ કરાવે છે, સાચું સુખ લેવા નથી દેતા, એવા દેહમાં રહેલા સૂક્ષ્મ દેહના ભાવો, ઇન્દ્રિય-અંતઃકરણના ભાવો; એ શુદ્ધ કરવાની જગ્યા એ મંદિરની સેવા અને સાધુ-સંતોની આજ્ઞા છે.

આપણે અહીં મંદિરમાં આવીએ છીએ એ મોટું કામ કરીએ છીએ. નાની-મોટી સેવા કરો, તે સેવા પ્રભુને રાજી કરવાના ભાવથી કરવાની. "ધન્ય ભાગ્ય ! ધન્ય ઘડી ! ઠાકોરજી જે જગ્યાએ બિરાજમાન થવાના છે, જ્યાં સંતો હરે-ફરે છે એવી તીર્થભૂમિમાં આપણને કંઈક સેવા કરવાની ભગવાને તક આપી, આપણે ધન્ય થઈ ગયા !" એવા અહોહોભાવે, સમર્પણભાવે સેવા કરીએ તો ભગવાન રાજી થાય અને ભગવાન રાજી થાય તો રાગ-દ્વેષ ટળી જાય ને અંતઃકરણ ચોખ્ખું થાય; એટલે સુખિયા થઈએ. આ કરાવવા સંતો શ્રમયજ્ઞ કરાવે છે.

અશ્વિનભાઈ, શાંતિભાઈ અને આ સદ્ગુરુ સંતો આપણા ઉપર રાજી છે. રાજી છે એટલે આપણને સુખિયા કરવા છે અને સુખિયા કરવા માટે જ આપણા ઇન્દ્રિય-અંતઃકરણના ભાવો શુદ્ધ થાય એવી પ્રવૃત્તિમાં આપણને જોડે છે. એમને આપણી પાસે કામ નથી કરાવી લેવું, યાદ રાખો ! પણ આપણા ઉપર ભગવાન ને સાધુઓ રાજી થયા છે એટલે આટલી મોટી દુનિયામાં આપણને જ સિલૅક્ટ કરીને બોલાવ્યા એ આપણા ઉપર કૃપા કહેવાય ! તો અહોહોભાવે, આનંદપૂર્વક ટીમસ્પિરિટથી, હળીમળીને, એકમના થઈને, નિર્દોષભાવે સેવા કરવી.

યોગીબાપા કહે, 'કોઈ બેસી રહે તો આપણે એમ માનવાનું કે, એ સેવા કરીને આવ્યા છે, મારે સેવા કરવાની છે.' એ નિર્દોષભાવ ! બીજાનું જોવાનું નહીં, ભગવાનને રાજી કરવાના ભાવથી પોતે કરવાનું. ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી, આ સેવા મને મળી ! ભગવાન ને સંતોએ આપણા પર બહુ મોટી કૃપા કરી ! એવા અહોહોભાવે સેવા કરો તો એ સેવાથી ભગવાન રાજી થાય. અંતરથી રાજી થાય તો રાગ-દ્વેષ, અંતઃકરણની જે અશુદ્ધિઓ છે એ ટળી જાય, ઓગળી જાય ને આપણે સુખિયા થઈએ, બધા ભાવો ઓગળી જાય, યાદ રાખો !

અમને બધાને બાપાએ સેવાઓ કરાવી, કરાવીને અમારા અંતરમાંથી સંસાર ખેરવી નાખ્યો. અમે બધા યુવાન હતા ત્યારે ઝાડ રોપ્યાં ને સેવાઓ કરી તો સંસારમાં જવાનું આળસી ગયું, સંસારમાં જવું જ નથી એવું થઈ ગયું. પણ તમે તો સંસારમાં છો, તો સંસાર દિવ્ય થઈ જશે, રાગ-દ્વેષ નીકળી જશે. રાગ-દ્વેષને લઈને કકળાટ, કંકાસ થાય છે; એ ટળી ગયું તો સુખિયા થઈ ગયા ને !

ભગવાન અને ભગવાનના ભક્તની સેવા કરવાથી બધું ટળી જાય, અનંત જન્મોનાં પાપ બળીને ભસ્મ થઈ જાય, વિચાર કરો તમે ! લોકો પાપ નાશ થાય એટલે ગંગામાં ડૂબકી મારે છે, જાત્રાઓ કરે છે. પણ, સ્વામિનારાયણ ભગવાન કહે, સાચી જાત્રા જ આ છે, ભગવાન ને સત્પુરુષની આજ્ઞાથી ભગવાન ને ભગવાનના ભક્તોની સેવા કરો તો અંતઃકરણ શુદ્ધ થાય અને જીવને અનંત જન્મોનાં જે પાપ વળગ્યાં છે તે બળીને ભસ્મ થઈ જાય, પાપનો નાશ થઈ જાય.

**જો ઇન્દ્રિયોની વૃત્તિઓને સ્ત્રીઆદિકના વિષયમાં પ્રવર્તાવે છે તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે અને કલ્યાણના માર્ગ થકી પડી જાય છે.**

વૅકેશનમાં લોકો પાસે જો પૈસા હોય તો બૅન્ગકોક, સિંગાપૉર કે યૂરોપ ફરવા જાય. જગતનાં ચીજ, વસ્તુ પદાર્થમાં સુખ માને એટલે તેઓ અંતઃકરણ ભ્રષ્ટ કરીને આવે. જ્યારે અહીંયાં-મંદિરે આવો તો અંતઃકરણ શુદ્ધ થાય. બેઉમાં ફરક પડી ગયો ને !

**માટે શાસ્ત્રમાં જે રીતે વિષય ભોગવ્યાનું કહ્યું છે તેવી રીતે નિયમમાં રહીને વિષયને ભોગવવા, પણ શાસ્ત્રની મર્યાદાને ઉલ્લંઘન કરીને ભોગવવા નહીં. અને સાધુનો સંગ રાખવો અને કુસંગનો ત્યાગ કરવો.**

જોયું ? સાધુનો સંગ રાખવો. ભગવાન કહે, તમે સંસારમાં છો, એટલે ખાવું-પીવું, હરવું-ફરવું, બહાર જવું પડે પણ; જગતવાળા જાય અને તમે જાવ એમાં મર્યાદામાં ફરક પડી જાય. આપણે બહાર જઈએ તોય મર્યાદામાં રહીએ, ધર્મ-નિયમની, ખાવા-પીવાની, જોવાની, કામ કરવાની આપણને મર્યાદા હોય. ભગવાને આપેલા નિયમોની મર્યાદા રાખવાની. સંસારમાં ફરો, કાર્ય કરો એની ભગવાન ના નથી પાડતા.

> જીવને જે ગૂંગળામણ કરાવે છે,
> સાચું સુખ લેવા નથી દેતા,
> એવા દેહમાં રહેલા સૂક્ષ્મ દેહના ભાવો,
> ઇન્દ્રિય-અંતઃકરણના ભાવો ;
> એ શુદ્ધ કરવાની જગ્યા એ મંદિર
> અને સાધુ-સંતોની આજ્ઞા છે.





**અહોહોભાવે, સમર્પણભાવે સેવા કરીએ તો ભગવાન રાજી થાય અને ભગવાન રાજી થાય તો રાગ-દ્વેષ ટળી જાય ને અંતઃકરણ ચોખ્ખું થાય; એટલે સુખિયા થઈએ.**

સારામાં સારી ગાડી વાપરો, પણ ગાડીમાં મૂર્તિ મૂકો એટલે કોઈ એમાં સિગારેટ પણ ના પીવે ને આડીઅવળી વાતો પણ ના કરે. આમ, ભગવાને આપેલા નિયમ-ધર્મની મર્યાદામાં રહીને જગતમાં બધું ભોગવો, ભગવાન એના દુશ્મન નથી. ભગવાનને આપણને સુખિયા કરવા છે. ઈન્દ્રિય-અંતઃકરણના ભાવોને પરિવર્તિત કરી, ચોખ્ખા કરી, શુદ્ધ આનંદ ને શુદ્ધ સુખ આપણને આપવાં છે. એ માટે ભગવાને કહ્યું કે, 'સાધુનો સંગ રાખવો.' 'સાધુ' એટલે જેણે ભગવાનને રાખ્યા છે, ભગવાનને સાધ્યા છે, ભગવાનમાં રહે છે, ભગવાનને ગમે એવું જીવન જીવે છે, અને એમના સંબંધવાળા-આપણને સૌને પણ એવું જીવન જીવવાની રીત સમજાવે છે; એવા સાધુના સંગમાં રહેવાથી ભગવાન સન્મુખ જવાય છે.

કુસંગ. એનાથી વિરુદ્ધનો સંગ. અમહિમા, ભાવફેર, માથાકૂટ, વ્યસન, કુસંગમાં પડેલા માણસોનો સંગ આપણને એક, બે, ત્રણ કે ચાર દિવસના અંતે એમના જેવા આપણને બનાવી દે. આવી વ્યક્તિઓનો આપણે અભાવ નથી લેવો પણ, એમના સંગમાં રહેવાય નહીં, એમની દોસ્તી કરાય નહીં. ધંધા માટે કે કામકાજ હોય તો મળીએ, ધંધા પૂરતી એની વાત માનીએ; પણ બીજી કોઈ વાત મનાય નહીં, એ કુસંગ કર્યો ના કહેવાય. 'કુસંગ કર્યો' એટલે એવાની વાત વિશ્વાસ રાખીને માનીએ એ; એવું નહીં કરવાનું. ભગવાનના સાધુનો ને ભક્તોનો જ સંગ, તો આવી સેવા કરવાથી ઈન્દ્રિયો-અંતઃકરણ શુદ્ધ થઈ જશે.

**અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને દેહનાં સંબંધીને વિષે જે મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે.**

જોયું ! મોટા ભાગના માણસોને દેહબુદ્ધિ - 'આ મારો દેહ છે' એવો ભાવ હોય છે. આપણો જ દેહ છે પણ, એને કોઈ 'ડોબા' જેવો કહે કે તો તરત સામે જવાબ આપી દઈએ છીએ, બોલવા માટે વિચાર નથી કરવો પડતો. દેહને વિશે એટલી બધી અહંબુદ્ધિ છે કે, એની રાખ-રખાવટ કરવી, એને સાચવવો ને દેહનાં સંબંધીને વિશે મમત્વબુદ્ધિ-મારાપણાનો ભાવ - મારી ગાડી, મારું ઘર, મારાં પત્ની, મારાં છોકરાં, મારા કાકા, મારા મામા, મારા સાળા - આવું બધું મારું, મારું, મારું રહે છે. મમત્વબુદ્ધિ એટલે દેહનાં સંબંધવાળાંને વિશે મારાપણાની બુદ્ધિ. અને દેહનાં વખાણ કરો તો ખુશ થાય, અહંકારને પોષણ મળે ત્યાં ખુશ થાય, અહંકારનું ખંડન થાય ત્યાં દુઃખી થાય અથવા ગુસ્સે થાય; એ દેહને વિશે અહંબુદ્ધિ. અહંબુદ્ધિ ને દેહસંબંધી મમત્વબુદ્ધિ, એ ટાળવી બહુ અઘરી છે; પણ, સ્વામિનારાયણ ભગવાને કહ્યું, સાધુનો સંગ કરીએ અને એ સાધુને પોતાનો આત્મા માનીને, એમના વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય તો દેહને વિશે અહંબુદ્ધિ ટળી જાય. કેટલો સહેલો ઉપાય ભગવાન બતાવે છે !

એવા સાધુને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ કરો, એમના વિશે હેત કરો. ના થતો હોય તો ધૂન-પ્રાર્થના કરીએ તો થઈ જાય. કોઈ સંત દાદ ના આપતા હોય તો, ભજન, પ્રાર્થના કરીને પણ આપણા બનાવી દેવા. એમનું ગમતું કરીને, એમની સેવા કરીને એમને રાજી કરી દેવા. આ મંદિરનું કામકાજ ચાલે છે, એમાં તમે સેવામાં આવ્યા છો. તમને સેવા કરતાં જોઈને સત્પુરુષ ખુશ થઈ જાય. ખુશ થાય એટલે આપોઆપ આપણા માટે એમને હેત, પ્રેમ થાય. બસ, સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય એટલે અહંબુદ્ધિ ને મમત્વબુદ્ધિ ઓગળી જાય, યાદ રાખો! એ માટે બીજો કોઈ ઉપાય નથી, બીજી કોઈ દવા નથી. એટલે અત્યારથી સાધુને વળગી પડવું.

અહંબુદ્ધિ નિવૃત્તિ પામે છે, એટલે 'મારું મારું' કરતા હતા તેને બદલે બધું ભગવાનનું છે, મારું કાંઈ નથી તેવું થઈ જાય. કોઈ કહે કે, અહોહો, તમારી ગાડી સરસ છે ! તો કહે ? 'ભગવાનની છે.' કોઈ કહે, 'અહોહો, તમે ઘરેણાં સરસ પહેર્યાં છે.' તો કહે, 'ભગવાનનાં છે.' ઘરેણાં પહેરવાનાં આપણે જ છે, ગાડી વાપરવાની આપણે જ છે, પણ, 'મારું' ટળી જાય ને 'ભગવાનનું' છે તેમ થઈ જાય તો ગાડીને કશું થાય અથવા તો ઘરેણું પડી જાય અથવા ઘરેણું સેવામાં આપી દો તો દુઃખ થાય નહીં. કારણ કે, ભગવાનનું છે ને ! અહંબુદ્ધિ ને મમત્વબુદ્ધિ દુઃખ

કરાવે છે. પણ, ભગવાનનું છે તેવું જો મનાઈ જાય તો ભગવાનને અર્થે વાપરવામાં, ભગવાનને અર્થે સમર્પિત કરવામાં કદી દુઃખ થાય નહીં, ઊલટાની ખુશી થાય. લાખ્ખો રૂપિયા, કરોડો રૂપિયા કેટલી મોટી રકમ છે! અને કેટલી બધી મહેનત કરે ત્યારે પૈસા ભેગા થાય. સોનું કેટલું મોંઘું છે ? કેટલા બધા પૈસા ખર્ચે ત્યારે સોનું ખરીદાતું હોય છે. પણ એ ભગવાનની સેવામાં આપવામાં ખુશી થાય. ખુશી થાય એ મમત્વબુદ્ધિ છૂટી ગઈ એનું લક્ષણ છે. તમે હજારો-લાખ્ખો રૂપિયાની સેવા કરો છો, સોનાની સેવા કરો છો, પણ આપવામાં જે આનંદ છે એ બતાવે છે કે, એના તરફની મમત્વબુદ્ધિ છૂટી ગઈ છે. છે આપણું, પણ આપણને ભગવાને આપેલું છે તો ભગવાનને ભેટ ધરવામાં આનંદ છે; એ જે ભાવ એ મમત્વબુદ્ધિ રહિતની અવસ્થાનું દર્શન છે.

આ ‘વચનામૃત’માં મહારાજ કહે છે કે, ઇન્દ્રિયોની જે ક્રિયા - આ દેહથી જે કામ કરીએ એને જો શ્રી કૃષ્ણ ભગવાન અને તેમના ભક્તની સેવાને વિશે રાખીએ તો અંતઃકરણ શુદ્ધ થાય છે. આપણને ઉપરનું દેખાય છે તે સ્થૂળ દેહ છે કે જેને આપણે જોઈ શકીએ છીએ. આંખ જોવાનું કામ કરે છે, પણ સામે જે વ્યક્તિ ઊભી છે એ કોણ છે ? એનું ઇન્ટરપ્રિટેશન કરનાર અંદર બીજો સૂક્ષ્મ દેહ છે. અંદર મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર છે; આ ચારથી સૂક્ષ્મ દેહ બનેલો છે.

બુદ્ધિ, તમે જુઓ તો સામેનો માણસ સંત છે, સેવક છે, ગાયક છે - કોણ છે ? આવું બધું મગજમાં તરત ઇન્ટરપ્રિટેશન થાય છે એ બુદ્ધિ છે.

અંતઃકરણ, રાગ ને દ્વેષ. આ મારું છે-આ મારું નથી. આ મને ગમે છે-આ મને નથી ગમતું; આવી જે વિક્તિ કરે ને રાગ-દ્વેષ ઊભા કરે એ અંતઃકરણનો ભાવ છે.

મન તર્ક-વિતર્ક કરે, શંકા-આશંકા કરે. ઘણાનું મન એટલું બધું નબળું હોય કે, વાતવાતમાં તર્ક-વિતર્ક કરે અને એને લઈને ગુસ્સો કરે. અને કેવો ગુસ્સો કરે ? એ માટે યોગીબાપા એક દૃષ્ટાંત કહેતા.

એક ગામડામાં દરજી હતા. એણે કોઈ ખેડૂતના લગનનાં સરસ કપડાં સીવ્યાં એટલે તે ખેડૂતને ભાવ થયો ને એના ખેતરમાં પાકેલાં સરસ રીંગણાં થેલી ભરીને સવારે દરજીને આપ્યાં. દરજી તો આ રીંગણાં જોઈ ખુશ થઈ ગયો. દરજી રીંગણાં ઘરે આપી આવ્યા ને પત્નીને કહ્યું કે, ‘ભરેલાં રીંગણાનું શાક બનાવજો.’

પછી તો દુકાને આ દરજી કપડાં સીવતો જાય ને મનમાં વિચારો કરતો જાય કે, રીંગણાં ધોયાં હશે, મસાલો તૈયાર કર્યો હશે. એમ કપડાં સીવતો જાય ને રીંગણાંનું ધ્યાન કરતો જાય. આ દરજીની જીભ ભરેલાં રીંગણાં ખાવા લપકારા મારે. ઘડિયાળમાં બાર વાગ્યા એટલે દુકાન બંધ કરી તે ઘરે ગયો. એણે હાથ, પગ, મોં ધોયાં ત્યાં સુધીમાં એની ઘરવાળીએ પાટલો ઢાળી દીધો. દરજી જમવા માટે પાટલા ઉપર બેસી ગયો ને થાળી પિરસાઈ. એને મનમાં એમ કે, ગરમાગરમ રોટલી ને રીંગણાંનું શાક ખાઈશું. પણ અહીં તો થાળીમાં બીજું શાક પિરસાયું. દરજીને એમ કે, બે શાક બનાવ્યાં હશે, એટલે એ તો રીંગણાંના શાકની રાહ જોવા લાગ્યો. એનાં ઘરવાળાં કહે, ‘જમવાનું ચાલુ કરો.’ ત્યારે દરજી કહે, ‘કેમ, ભરેલાં રીંગણાંનું શાક ?’ એની પત્ની ખાંખતવાળી હતી, એ કહે, ‘તમે રીંગણાં આપ્યાં ત્યારે રસોઈ તૈયાર થઈ ગઈ હતી, એટલે મને થયું કે આવતી કાલે રીંગણાં બનાવીશું. એટલે કાલે બનાવીશ. આ સાંભળ્યું એટલે પેલા દરજીને તો ભરેલાં રીંગણાં ખાવાનો મનોમન ચણેલો આખો મહેલ તૂટી પડ્યો. દરજી તો બહુ ગુસ્સે થયા. માણસ ક્રોધમાં હોય ત્યારે શું બોલે છે એનું એને ભાન જ નથી રહેતું, વિવેક ચુકાઈ જાય છે. આ દરજી ગુસ્સે થઈને એને એટલું બધું બોલ્યો અને છેલ્લે બોલ્યો કે, ‘ડોબા જેવી, આના કરતાં તો કૂવામાં પડીને મરી ગઈ હોત તો સારું થાત !’ પછી તો એ દરજી હડફડ હડફડ જમીને પાછો દુકાને સીવવા પહોંચી ગયો. કલાક થયો ને એક છોકરો દોડતો દોડતો આવ્યો ને કહ્યું, ‘તમારાં ઘરવાળાં કૂવામાં પડી મરી ગયાં છે.’ પેલી બાઈ સ્વમાની હતી, ગુસ્સાવાળી હતી. એ ઘરેથી બેડું લઈ કૂવા પાસે ગઈ અને ધબાક દઈ કૂવામાં પડીને મરી ગઈ.

ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી, આ સેવા મને મળી !
ભગવાન ને સંતોએ આપણા પર બહુ મોટી કૃપા કરી !
એવા અહોહોભાવે સેવા કરો તો એ સેવાથી ભગવાન રાજી થાય.
અંતરથી રાજી થાય તો રાગ-દ્વેષ, અંતઃકરણની જે અશુદ્ધિઓ છે
એ ટળી જાય, ઓગળી જાય ને આપણે
સુખિયા થઈએ, બધા ભાવો ઓગળી જાય,





**ભગવાન ને સત્પુરુષની આજ્ઞાથી ભગવાન ને ભગવાનના ભક્તોની સેવા કરો તો અંતઃકરણ શુદ્ધ થાય અને જીવને અનંત જન્મોનાં જે પાપ વળગ્યાં છે તે બળીને ભસ્મ થઈ જાય, પાપનો નાશ થઈ જાય.**

યોગીબાપા કહે, દરજીની કોમમાં ફરીથી લગન કરવું હોય તો પૈસા આપવા પડે. પછી મુંબઈ-રાજકોટ જેવાં શહેરમાં જઈ સીવ્યું, લોજમાં જમી, પૈસા બચાવ્યા. લગન થાય એટલા પૈસા ભેગા કરી ફરી લગન કર્યું. અને બાર વર્ષ પછી ભરેલાં રીંગણાંનું શાક ખાધું. બાપા કહે, બાર વર્ષે વઘાર બેઠો. જો દરજી શાંત રહ્યો હોત તો બીજે જ દિવસે તેને ભરેલાં રીંગણાંનું શાક મળવાનું હતું એને બદલે બાર વરસે શાકનો વેંત બેઠો.

મન : મનને પોતાનું ધાર્યું ના થાય એટલે ક્રોધ કરે. તર્ક-વિતર્ક કરે, શંકા-આશંકા કરાવે. બુદ્ધિ : ઈન્ટરપ્રિટેશન કરે, અભાવ લેવડાવે, ભાવફેર કરાવે. ચિત્ત : ખોટું ચિંતવન કરાવે. અને અહંકાર : મમત્વભાવ; આ બધા ભાવોને લઈને માણસ દુઃખી થાય છે. એને શુદ્ધ કરવા છે. એને તમે શુદ્ધ ક્યાં કરશો ? કોઈ બે-પાંચ હજાર રૂપિયા ફી લેતા હોય એવા મોટા સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર પાસે જજો. ત્યાં જઈને કહેવાનું કે, 'મને ક્રોધ બહુ ચઢે છે, એની દવા આપોને.' ડૉક્ટર તમારી સામે જોઈ રહેશે. એ વિચારશે કે, આ ગાંડો માણસ લાગે છે. ક્રોધની દવા હોય ? માનની દવા હોય ? મૅડિકલ સાયન્સ પાસે આની કોઈ દવાઓ છે નહીં અને મળશે પણ નહીં. એ દવાઓ ભગવાને આપણને આપી છે, પણ એનો ઉપયોગ કરતા નથી એટલે માણસો દુઃખી છે.

આ બધું શુદ્ધ કરવું છે ? આપણે અહીંયાં ઈન્દ્રિયો-અંતઃકરણનું શુદ્ધિકરણ કરવા તો આવ્યા છીએ. સ્વામિનારાયણ ભગવાને આનો ઉપાય બતાવ્યો કે, 'ભગવાન ને ભગવાનના સાધુના વચને તમે ઈન્દ્રિય-અંતઃકરણથી સેવા કરો તો અંતઃકરણ શુદ્ધ થઈ જાય. રાગ, દ્વેષ ટળી જાય.' એટલા માટે સ્વામિનારાયણ ભગવાને મંદિરોની પ્રવૃત્તિ શરૂ કરી, સમૈયા-ઉત્સવ કર્યા, આપણને બોલાવ્યા ને સેવામાં જોડ્યા. સેવામાં શેના માટે જોડ્યા ? એમને મંદિરો કરવાં હતાં ? એમને સમૈયા-ઉત્સવ કરવા હતા ? એમને પોતાની વાહવાહ બોલાવવી હતી ? ના. આપણા ઈન્દ્રિયો, અંતઃકરણના ભાવોને શુદ્ધ કરી - ચોખ્ખા કરી, આ ને આ દેહે આપણને સુખિયા કરવા છે. અને એ કરવા માટે આ ઉપાય કર્યો છે શ્રમયજ્ઞ. મહારાજ પોતે શ્રમયજ્ઞ કરતા, યોગીબાપા પોતે શ્રમયજ્ઞ કરતા ને આપણને એ માર્ગે દોર્યા. સંતોના વચને તમે બધા શુદ્ધ થવા આવ્યા છો.

ભગવાનના સંકલ્પે, સંતોની પ્રાર્થનાથી, તમારા બધાના સાથ-સહકારથી મંદિર થશે, પણ એની સાથે સાથે આપણે પણ મંદિરરૂપ થવું છે, અંદરથી શુદ્ધ થવું છે. એ શુદ્ધ થવા માટે આપણું ધન, આપણી આવડત, હોશિયારી, આપણી શારીરિક શક્તિઓ જેટલી વપરાશે એટલા આપણે શુદ્ધ થતા જઈશું. અને અનંત કાળનાં - એક-બે દિવસનાં નહીં, પણ અનંત જન્મોનાં પાપ જે જીવને વળગ્યાં છે, તેનો નાશ થઈ જશે.

ભગવાન કહે, ભગવાનના ભક્ત - સાધુ-સંત હોય કે ગૃહસ્થ હોય, તેમણે ખાવા-પીવામાં ધ્યાન રાખવાનું, વાતચીતમાં ધર્મની મર્યાદામાં રહીને - નિયમમાં રહીને બધું કરવાનું. 'હું ભગવાનનો છું ને ભગવાન મારા છે, હું સાધુનો છું ને સાધુ મારા છે.' આપણે કોના આશ્રિત છીએ ? કોના હેતવાળા છીએ ? તેનું જાણપણું હોય તો એમનું શોભે, એમની સુવાસ પ્રસરે, એમનું સારું દેખાય એવું જીવન જીવવાનો આલોચ આપોઆપ રહેશે. એટલે સાધુનો સંગ રાખવો અને કુસંગનો ત્યાગ કરવો. આપણને સાધુથી દૂર લઈ જાય, આજ્ઞા ના પાળવા દે, ભજન-પ્રાર્થના ના કરવા દે, અમહિમા-માથાકૂટ-ખટપટ કરે એવાનો સંગ ના રાખવો; એ કુસંગ કહેવાય. સાધુને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ - 'હું તમારો ને તમે મારા' એવું થાય તો દેહને વિશે મારાપણાનો જે ભાવ છે, અહંકાર છે એ નિવૃત્તિ પામે છે. દેહનાં સંબંધીને વિષે જે મમત્વબુદ્ધિ છે, એ પણ નિવૃત્તિ પામે છે. સુખિયા થઈ ગયા લ્યો !

**અને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે અને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે.**

વૈરાગ્ય એટલે ભગવાન ને ભગવાનના ભક્ત સિવાય કોઈનો ભાર ના પડે. કંઈ પણ હોય તો ભગવાન શું કહે છે ? એ વધારે અગત્યનું છે. જગતને જે કહેવું હોય તે કહે, પણ મારા પ્રભુ કહે છે એ મારા માટે સવા સો; એટલે ભગવાન અને ભગવાનના સાધુ સિવાય કોઈનો ભાર ના પડે એવો વૈરાગ્ય પ્રગટી જાય છે.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆





## હે યોગીબાપા !

આપ આ બ્રહ્માંડે પધાર્યા
સાધુતા ધારી... દીપાવી... ને બોધી
નિર્દોષ સૌને માન્યા... નિર્દોષબુદ્ધિ રાખી
સુહૃદ સૌના બની રહ્યા ને બનવા બોધ દીધા
સંબંધે સૌને સ્વીકાર્યા ને પ્રેમ આપ્યો
પ્રભુ પ્રગટ સાકાર ને પ્રત્યક્ષ તે જ્ઞાન દીધું
સૌ જે આપમાં જોડાયા તેને શુદ્ધ ઉપાસના સમજાવી
આપે અમ સૌ પર અપાર કૃપા કરી.
આપના સ્વરૂપમાં એકાકાર બન્યાં જે સ્વરૂપો...
પૂજ્ય સર્વશ્રી કાકાજી, પપ્પાજી, પ્રમુખ સ્વામીજી
મહંત સ્વામીજી, હરિપ્રસાદ સ્વામીજી ને સાહેબજી
તે સર્વમાં જીવન સમર્પ્યાં તે ધન્ય થયાં.
મન બુદ્ધિ ને 'સ્વ'નાં સમર્પણ કરો
પ્રત્યક્ષમાં સંપૂર્ણ જીવને જોડી દો
તેનાં જે સૌ તેની અહોભાવે સેવા કરો
તો સાધુતા પામશો... સાધુતા દીપી ઊઠશે
'સ્વ' ઓગળ્યું તો સૌ નિર્દોષ મનાશે
અને તો જ પ્રત્યક્ષ સાથે એકરૂપ થવાશે
પ્રગટ ને પ્રત્યક્ષ અખંડ રાજી થશે.





હે દયાળુ !
આપની કૃપાએ ને બળે
પ્રત્યક્ષ સાહેબજીના આશીર્વાદે
સાધુ થવું જ છે... આપને રાજી કરવા જ છે.
જે સાહેબજીને ખૂબ ગમે છે... ને કરાવવું જ છે
તે કરી લઈએ તે આપના પ્રાગટ્યમંગલે પ્રાર્થના !
અમારા સૌની... આપનાં સૌની... શ્રીજી સ્વામીનાં પ્રત્યેકની.

# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા

સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

બ્રહ્મજ્યોતિ, ૨૮.૪.૨૦૨૨



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા
૧૨ જૂન ૨૦૨૦, બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ જયંતી સભા,
પારમિતા સભાખંડ, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી

**અમારી** પેઢીના સાધકો ભાગ્યશાળી કે, અમને કાકાજી-પપ્પાજીને સદેહે એમના ગુરુહરિ યોગીજી મહારાજ પ્રત્યે ભકિત અદા કરતા જોવા ને જાણવાની અદ્‌ભુત તક મળી ! કાકાજી એક આધ્યાત્મિક પુરુષ ! પણ, આપણે એમને બીજી દૃષ્ટિએ જોઈએ તો 'હી વોઝ એ બૅસ્ટ લીડર.' આપણે એમને આપણા 'ગુણાતીત સમાજના સ્થાપક' કહીએ છીએ, આપણા 'ગુરુહરિ' કહીએ છીએ. દાદુકાકાએ મંત્ર આપ્યો : 'એકતા એ જ એકાંતિકપણું !' અને એમની પાસેથી વારંવાર સાંભળેલું : 'ભિન્ન અંગવાળાની સાથે મૈત્રી કરો.' જ્યારે આપણા જુદા જુદા ઘટકો – સોખડા, સાંકરદા, ગુણાતીત જ્યોત, અનુપમ મિશન, દિલ્હી, સમઢિયાળાની સ્થાપના થઈ ત્યારે દાદુકાકા 'ભાવાત્મક એકતા' – આ એક શબ્દપ્રયોગ પણ કરતા. ત્યારે સાંભળવું ગમતું, પણ એ કેટલું સમજાયું, કેટલું જીવનના અનુભવમાં આવ્યું એ તો ખબર નહોતી, પણ મોટા પુરુષોનો સંકલ્પ અને ગુરુહરિ સાહેબદાદાનું જીવન; એણે એ વાતોને આપણા જીવન-આચરણમાં લાવીને બતાવી.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો પ્રાગટ્યદિન ને ગુણાતીત જ્યોતની સ્થાપનાના આખા પ્રસંગની સમગ્ર જવાબદારી જાણે કે, દાદુકાકાએ પોતાના શિરે લીધી હોય અને 'વન મૅન આર્મી'ની રીતે તેઓ વર્તતા હોય, એવું એમના જીવન-આચરણનું દર્શન કરવાનું સદ્‌ભાગ્ય અમને પ્રાપ્ત થયું છે ! નેતાગીરીનો એક મોટો ગુણ એ કે, પોતાના સાથીદારોની ખામીઓ જોવાને બદલે, એ જેવા છે એવા, પણ એમનામાં રહેલી ખૂબીઓનો ઉપયોગ કરીને, એને કામે લગાડવી અને ભગવાનની સેવા અર્થે વાપરતી કરવી; એ એક સફળ નેતાગીરીનું દૃષ્ટાંત છે ! કાકાજી એક આધ્યાત્મિક પુરુષ તો ખરા જ ! યોગીબાપાએ એમને સાક્ષાત્ દર્શન કરાવ્યાં તે પણ ખરું ! પણ એક નેતા તરીકે અને બધી જ બાબતોમાં બાપાનો જેમાં રાજીપો હોય તેમાં સમગ્રપણે પોતાના તંત્રને હોમીને તેઓ કામ કરે. એટલે કે, જાણે એ મારું પોતાનું જ કામ હોય, એવી રીતે તેઓ કરતા. પોતે આગળ થાય અને પોતાના સાથીદારોને સાથે લે. સાબરકાંઠા પ્રદેશ સાથે દાદુકાકાને કોઈ પ્રાથમિક પરિચય નહીં. ઈલેક્શન જોડે એમને કાંઈ લેવા-દેવા નહીં. પણ માત્ર ને માત્ર યોગીજી મહારાજની આજ્ઞા અને નંદાજીનો શાસ્ત્રીજી મહારાજ સાથેનો સંબંધ જોઈને, જાણે પોતે ઈલેક્શનમાં ઊભા હોય ને ઈલેક્શન લડતા હોય એવી રીતે એમણે પ્રચારનો મોરચો સંભાળી લીધો. સમગ્રતાથી પોતાનું જે કંઈ પણ હતું, એને એમણે કામે લગાવી દીધું.

૫૧ શિક્ષિત યુવાનોને દીક્ષા આપવાનો યોગીબાપાનો સંકલ્પ હતો ! એ પ્રસંગે પણ દાદુકાકાએ આગળ પડીને પોતાના પરિવારના, પોતાનાં સ્નેહીજનોના પુત્રોને પહેલા એમાં હોમ્યા. 'બાપાને અર્થે જીવી લેવા જેવું છે', એવા માહાત્મ્યનું એમણે સિંચન કર્યું. અને જેમને-જેમને કૌટુંબિક વિરોધ હતો, એ વિરોધનું શમન કરવામાં પણ દાદુકાકા ઢાલ બનીને આગળ ઊભા રહ્યા ને યોગીજી મહારાજ સુધી કોઈ ફરિયાદ પણ એમણે પહોંચવા દીધી નહીં. પોતે માથે લીધું, ગાળો સાંભળી, અપજશ લીધો પણ 'યોગીબાપા રાજી થાય છે' તો આ દીકરાને સાધુ કરવો – એ બાપાનો સંકલ્પ કેમ કરીને પૂરો થાય ? – એનું જ એમને મહત્ત્વ હતું ! આપણે ગુરુહરિ સાહેબદાદાના વર્તમાન જીવનને જોઈએ અને જે રીતે તેઓ આપણને સૌને માર્ગદર્શન આપીને જિવાડી રહ્યા છે, ત્યારે આ ક્વૉલિટીનું આપણને ગુરુહરિ સાહેબદાદામાં પણ દર્શન થાય છે.

મારા વ્યક્તિગત જીવનનો અનુભવ કહું તે પહેલાં એક પ્રસંગ કહું. પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી એકના એક દીકરા હતા. એમનાં માતુશ્રી કાશીબા

એમને સાધુ થવા રજા આપે, એમાં પણ મહત્ત્વની-મુખ્ય ભૂમિકા દાદુકાકાએ ભજવેલી અને હરિપ્રસાદ સ્વામીજીને સાધુની દીક્ષા માટે રજા-મંજૂરી અપાવેલી; આ અમે વલ્લભવિદ્યાનગરના યુવકમંડળના સભ્ય તરીકે જોયું છે, અનુભવ્યું છે. હરિપ્રસાદ સ્વામીજીને સાધુ બનાવ્યા પછી મને યોગીબાપા પાસે ટપાલની સેવામાં જવાનો લાભ મળ્યો, જે મારાં માતુશ્રીને પસંદ નહોતું એટલે મને પાછો લઈ આવવા માટે મારા મોટા ભાઈને મોકલેલા. ત્યારે હું દાદર મંદિરે બાપાની સેવામાં હતો. રાતની ટ્રેનમાં નીકળીને સવારના પહોરમાં ભાઈ આવી ગયા ને સીધા યોગીજી મહારાજને મળ્યા. બાપા સાથે પ્રથમ મુલાકાત, કોઈ બીજો પ્રાથમિક પરિચય પણ નહીં અને બાપાને વાત કરી કે, 'મારો ભાઈ ઘરેથી ભાગીને સાધુ થવા માટે અહીં આવી ગયો છે.' એટલે બાપાએ પૂછ્યું, 'કોણ ? શું ? ક્યાંથી આવ્યા ? શું છે ?' પછી મને બોલાવીને બાપાએ કહ્યું કે, 'તમારા ભાઈ આવ્યા છે.' મેં કહ્યું, 'બાપા મારે ઘરે નથી જવું.' ત્યારે બાપાના શબ્દ છે : 'ભાઈને રાજી કરી લો, ભગવાન રાજી થઈ જશે.' મુંબઈથી પાછા ગુજરાત આવવાની ટ્રેન રાત્રે ઊપડે. એટલે આખો દિવસ ભાઈ દાદર મંદિરે રહ્યા, તેમને જમાડ્યા અને જતી વખતે યોગીબાપાએ એમ કહ્યું કે, 'તારદેવ થઈને જજો.' એટલે અમે તારદેવ જઈને ઊભા રહ્યા. રાતની ટ્રેન બૉમ્બે સૅન્ટ્રલથી પકડવાની હતી. ભોજનનો સમય હતો, સોનાબા હાજર હતાં, એમણે અમને જમવા બેસાડી દીધા. છાત્રાલયના નિમિત્તે અને હરિપ્રસાદ સ્વામીજીને દીક્ષા આપી ત્યારનો કાકાજીનો પરિચય હતો એટલે મેં કાકાજીને બધી વાત કરી કે, 'મારા ભાઈ યોગીબાપાને મળ્યા અને બાપાએ તો મને કહ્યું, 'જાવ, ભાઈની સાથે અને ભાઈને રાજી કરી લો.'' કાકાજી કહે, 'રાજા, ગભરાઓ છો શું ? હું આવું છું આવતા અઠવાડિયે સોખડા, આપણે સાથે પાછા આવીશું.'

તમે જુઓ, આ ૫૧ સંતોને બાપાએ જે દીક્ષા આપી તેની હું વાત કરું છું, તેમાં ઘણા બધા સાધુઓના પરિવારનાં આવાં પ્રકરણ હતાં. એક એક મુક્ત ભગવાનનો થઈને જીવે, એની જાણે સો ટકા જવાબદારી મારે માથે છે, એવી રીતે દાદુકાકા દરેકના-પછી એના કૌટુંબિક કોઈ પણ પ્રકારના પ્રશ્ન હોય તો પોતે માથે લઈ લેતા અને પોતે આગળ થઈ, રક્ષાનું છત્ર, રક્ષાની ઢાલ-કવચ ભક્તોને ધરી દેતા; એ અમે અનુભવ્યું છે !

તે વખતે તૈયારી થતી હતી ગુણાતીત જ્યોતની. બહેનો રહેવા આવશે તો એમનાં માટે ગાદલાં જોઈએ, તે ગાદલાંનાં રૂને પિંજાવીને ગાદલાં ભરાવવાનું કામ ચંદુભાઈ દાજીને સોંપવા દાદુકાકા સોખડા આવ્યા હતા. મેં ઘરે વાત કરી કે, 'અમારા ગુરુજી-કાકાશ્રી આવ્યા છે અને મારી ઇચ્છા છે કે આપણે એમની ઘરે પધરામણી કરાવીએ અને જો ગોઠવાય તો એમને પ્રસાદ લેવાનું પણ ગોઠવીએ.' મારા હેતને કારણે મારાં માતુશ્રીએ હા પાડી, 'ભલે લઈ આવજે તારા કાકાને.' એમણે સરસ મજાની પૂરણપોળી બનાવેલી. કાકાજી જમવા બેઠા. મોટા ભાઈ, નાના ભાઈ કોઈ ઘરે હતા નહીં. હું, કાકાશ્રી અને મારાં માતુશ્રી હતાં. મારી બા મારા વિશેની એમને જે કંઈ ફરિયાદ હતી તે કાકાજીને કરતાં જાય અને કાકાજી એક પછી એક પૂરણપોળી જમતા જાય. ગરમ ગરમ પૂરણપોળી ઘી ચોપડીને પિરસાતી જાય અને કાકાજીએ એક ખાધી, બે ખાધી, ત્રણ ખાધી, ચાર ખાધી ત્યાં સુધી મારા વિશેનો જે કંઈ બળાપો જેટલો ઉગ્રતાથી કાઢવો હતો એટલો બાએ કાઢ્યો. કાકાજી આ દરમિયાન ઠંડા કલેજે એક પછી એક રોટલી જમે. તમે વિચાર કરો, કોઈ માણસ તમારી સામે આટલું બધું બોલે અને તમે ઠંડા કલેજે ભરપેટ જમી શકો, એ આધ્યાત્મિક અવસ્થા કેવી હશે ! કેટલી સમતા, કેટલી સ્થિરતા, કેટલો ભગવાનના કર્તાપણાનો ભાવ ! યોગીજી મહારાજ માટે આ છોકરાને સમર્પિત કરવો છે તો એના માટે જે સાંભળવું પડે, એ વસૂલ છે ! આવા જે કાંઈ ભાવ કાકાજીના હૃદયમાં હશે, પણ કાકાજી જમીને તૃપ્ત થયા અને મારાં બા પણ શાંત થયાં. કારણ કે, એકતરફી તમે કેટલું બોલબોલ કરો ? સામેવાળો કશું બોલે નહીં અને ખાધે જ રાખે, તો એ સંવાદમાં મજા પણ શું આવે ? જમી રહ્યા પછી કાકાજી મને કહે, 'હું વિદ્યાનગર જાઉં છું. તમે આવતી કાલે વિદ્યાનગર આવો, આપણે આણંદથી રાત્રે સાથે મુંબઈ પાછા જઈશું.' જેને ઘરેથી હજી રજા આપી નથી, જેને રજા લેવા માટે ખુદ યોગીબાપાએ પાછો મોકલ્યો છે, પણ એમને કેટલી બધી ગેરંટી ! કે તેઓ મને આવી સૂચના આપે છે.

કાકાજીના ગયા પછી મેં મારી બાની સાથે સંવાદ કર્યો, મેં કહ્યું, "તમે 'હા' પાડો કે 'ના' પાડો, હું સાધુ થવાનો. જો હા પાડશો તો મારા પુણ્યનાં તમે ભાગીદાર, ના પાડશો તો હું તમને કંઈ કામ લાગવાનો નથી." એક અઠવાડિયું હું સોખડા રહેલો એ દરમિયાન એમણે મારું વર્તન જોઈ લીધેલું એટલે એમને થયું કે, આ રહે કે ન રહે, આપણા માટે નકામો છે. સંસારના કોઈ કામમાં લાગવાનો નથી. તો મારી બાએ કાકાજીના કારણે થઈને મને રાજીખુશીથી રજા આપી. હું તો રાહ જ જોતો હતો, થેલો ઉપાડીને વલ્લભવિદ્યાનગર આવ્યો. વલ્લભવિદ્યાનગરમાં આ બધા ભાઈઓ છાત્રાલયમાં હતા. મને આવેલો જોઈને કાકાજી બોલ્યા, "આવી ગયા રાજા!" 'રાજા' એમનો સ્પેશિયલ શબ્દ હતો ! 'કેવી રીતે આવ્યા ? હું ઘરેથી નીકળ્યો પછી શું થયું ?' એવી કાંઈ કશી પડાપૂછ નહીં. અને તે જ દિવસે રાત્રે કાકાજી જોડે ટ્રેનમાં બેસી સીધા મુંબઈ પહોંચ્યા ! હું દાદર અને કાકાજી સૅન્ટ્રલ સ્ટેશને ઊતર્યા. જઈને હું યોગીબાપાની સેવામાં જોડાયો. આશ્ચર્યની બાબત એ કે, યોગીબાપાએ પણ એક પણ સવાલ પૂછ્યો નહીં કે, 'ગુરુ, તમે ઘરે ગયા હતા, તો શું થયું ? રાજી કરીને આવ્યા ?' એવું કાંઈ નહીં. હું રુટિનમાં જે ટપાલની સેવામાં હતો, એ જ સેવામાં લાગી ગયો. જો કે, એમને તો અંતર્યામીપણે બધો ખ્યાલ હતો ! આવી રીતે એક જણને ભગવાનને માર્ગે ચલાવવામાં કાકાજીએ પોતે જે પરિશ્રમ કર્યો છે, એનો આ મારો વ્યક્તિગત અનુભવ મેં કહ્યો. કાકાજી આખી જવાબદારી પોતાને માથે

લઈ લે અને ખૂબ ખાતરીથી કામ કરે. એટલે તેઓ કહેતા, 'રાજા ! ધાર્યું કોનું થાય છે ?' અને એમ બોલતા કે, 'મૈં કિસકી ઘરવાલી હૂં ?' મારો ધણી કોણ છે ? મારો ગુરુ કોણ છે ? એ કેફ એમના જીવનમાં હતો ! એમણે દરેક વખતે, દરેક કાર્યમાં એક આદર્શ નેતાગીરી પૂરી પાડી !

૧૯૬૬માં યોગીબાપાના પ્રાગટ્યદિનનો સમૈયો જે અહીં વલ્લભવિદ્યાનગરમાં ઉજવાયો, એ પણ દાદુકાકાએ જશુભાઈ સાહેબને સાથે રાખીને સુંદર રીતે ઊજવ્યો. એ આપણા માટે, આપણા અનુપમ મિશન માટે શુભ શરૂઆતના મંગલ દિવસો હતા ! બાપાએ કાકાજી સાથેનો સંબંધ કરી આપ્યો અને બાપા ને કાકા આપણી અધ્યાત્મયાત્રામાં સદાય આગળ રહ્યા, આપણી સાથે રહ્યા અને જ્યાં આપણે પડ્યા-આખડ્યા ત્યાં એમણે આપણને ઊભા કરીને, ફરી પાછા એ માર્ગે પ્રેમપૂર્વક ચલાવ્યા; આ આપણો તપોભૂમિ 'બ્રહ્મજ્યોતિ'નો ઈતિહાસ છે !

૧૯૬૬થી આપણા આખા સત્સંગનો ઈતિહાસ જોશો, તો ગુરુહરિ સાહેબદાદાએ કાકાજીનો જે સિદ્ધાંત, કાકાજીની જે રુચિ, કાકાજીની જે કાર્યશૈલી એને નજર સમક્ષ રાખીને, કાકાજીને યોગીજી મહારાજનું સ્વરૂપ માનીને સેવ્યા, પપ્પાજીને યોગીજી મહારાજનું સ્વરૂપ માનીને સેવ્યા. એવા યોગીબાપાના સંબંધવાળા, તારદેવના સંબંધવાળા ગૃહસ્થ હરિભક્તો કે, જેમનાં સંતાનો આપણે ત્યાં સાધક તરીકે આવ્યાં, એ માવતરને પણ અંતિમ શ્વાસ સુધી સાહેબદાદાએ જતન કરીને જાળવ્યાં છે; જે આપણા સૌનો પ્રત્યક્ષ અનુભવ છે. આ વાત છે આપણને મળેલા વારસાની ! એમને અનુકૂળ થયા કે ન થયા, એમને માનતા હતા કે નહોતા માનતા, પણ સાહેબદાદાએ માત્ર ને માત્ર ભગવાનનો સંબંધ જોઈને એ જીવનમુક્તોનું જતન કર્યું, એમને ભગવાન સાથે જોડી રાખ્યા. અને 'એમની સેવા કરવી એ જ આપણી ભક્તિ છે' એવી રીતે એમના અંતિમ શ્વાસ સુધી આપણને સૌને પણ સેવામાં જોડ્યા; જે પણ આપણો અનુભવ છે.

'સ્વ' રહિત થવું હોય, સ્વભાવ રહિત થવું હોય તો 'ભિન્ન અંગવાળા સાથે મૈત્રી' કરવાની વાત કાકાજી કહેતા. આપણે પ્રેમ, આત્મીયતા ને સુહૃદભાવ આપણને જેમની સાથે ફાવે છે, મેળ છે એમની સાથે તો રાખ્યો છે. આપણને ગમતા-અણગમતા, આપણાથી કામ કરવાની રીત ભલે જુદી હોય, આપણાથી એમની જીવનપદ્ધતિ જુદી હોય, પણ એ આપણો સાથીદાર છે અને આપણે એની સાથે સુહૃદ બનવાનું છે. ભિન્ન અંગવાળા સાથેની મૈત્રીનો જે છેલ્લો મુકામ - જેને આપણે પાંચમી ઘાંટી કહીએ છીએ તે કૂદી જવાની છે. ભેળા રહીને મહિમા સમજવાનો કે ભિન્ન અંગવાળા સાથે મૈત્રી કરવાની, એની ખામીઓ નહીં, પણ એની ખૂબી જોઈને એને આપણી સાથે જોડી લઈને ભગવાનના કામમાં જોતરી રાખવાનો અદ્ભુત ગુણ સાહેબદાદામાં દેખાય છે.

અમે બધા 'એકતા એ જ એકાંતિકપણું' સૂત્ર સમજીને સાથે નથી રહ્યા; મોટપ સાહેબદાદાની છે કે, એમણે અમને સૌનેય આ સૂત્ર સાથે જોડી રાખ્યા. સૌની ખામીઓ તેઓ જાણે છે, એમણે જોઈ છે, અનુભવી છે. પણ સૌની પાસેથી જે પ્રકારનું કામ લઈ શકાય, એ પ્રકારનું કામ લઈને ભગવાનનું કામ વધારે સારી રીતે આગળ વધે, એ જ માત્ર એક નિશાન એમણે રાખ્યું છે. જે વૃત્તિ અને પ્રવૃત્તિ કાકાશ્રીની હતી, એવી જ વૃત્તિ અને પ્રવૃત્તિની સાથે ગુરુહરિ સાહેબદાદાએ આપણને જોડ્યા છે.

દાદુકાકાએ એમના નામનું કાંઈ કર્યું નહિ, પણ બધું જ મારું છે, પોતાનું છે, યોગીનું છે એવા ભાવથી જે જેના હેતવાળા હતા, ત્યાં તેનો મહિમા ગાઈને, એની પુષ્ટિ કરીને, એનું સંવર્ધન કર્યું; એ આપણા સૌનો અનુભવ છે. 'ભાવાત્મક એકતા'ની વાત પણ દાદુકાકા કરતા કે, ભલે ઘટકો તરીકે આપણે જુદા-જુદા છીએ, સંસ્થા-સંચાલનની પદ્ધતિએ અને સૌની આશ્રમવ્યવસ્થા ભલે અલગ-અલગ હોય, પણ આપણે સૌ યોગીના, આપણે સૌ ગુણાતીત સમાજના છીએ અને એ ગુણાતીત અસ્મિતા આપણે સૌએ ધારણ કરીને એનું વહન કરતા રહેવું છે - આ વાત પણ દાદુકાકા વારેવારે ટકોર કરીને કહેતા.

કાકાજીની હંમેશાં સિદ્ધાંત તરફ દૃષ્ટિ હતી. સિદ્ધાંત હંમેશાં સત્ય છે ને સનાતન છે. સંજોગો બદલાય, પરિસ્થિતિ બદલાય, માણસો બદલાય, એને લીધે સિદ્ધાંત ન બદલાય. એ સંજોગો, એ પરિસ્થિતિ, એ માણસોને સિદ્ધાંત સ્થાપનના કાર્ય માટે સાનુકૂળ-અનુકૂળ કરીને એમની શક્તિઓનો સદુપયોગ થાય, એ ખરી કુશળતા છે. એવી નેતાગીરીની સફળતા એ સાહેબદાદાનું જીવન છે.

આપણે એમ કહીએ કે, 'પોલું હોય તો સૌ કોઈ વગાડે, પણ સાંબેલું વગાડે ત્યારે સમજું કે, શૂરો છે.' એમ આ સાંબેલું વગાડવાની અદ્ભુત ક્રિયા છે. પ્રભુની શક્તિ વગર એ શક્ય બનતું નથી. જ્યારે કોઈ સાંબેલું વગાડે, ત્યારે આપણે એટલું તો માનીએ કે એનામાં પ્રભુની શક્તિ કામ કરી રહી છે માટે તે સાંબેલું વગાડવાને સમર્થ થયા છે. સાંબેલું હંમેશાં બુઠ્ઠું હોય, અણીદાર-ધારદાર ના હોય. એવા આપણે અક્કલના બુઠ્ઠા-સાંબેલા જેવા એને એમણે ભગવાનની સેવામાં જોતર્યા, એ એમની કુશળતા છે. એ એમના દ્વારા પ્રભુની શક્તિ કામ કરી રહી છે, એનું દર્શન છે. એવું દર્શન દાદુકાકાએ કરાવ્યું. એની સ્મૃતિઓ આવા પ્રસંગે તાજી થાય છે. વર્તમાન કાળે, ગુરુહરિ સાહેબદાદા પણ એ જ બ્રાહ્મી શક્તિને ધારણ કરીને, એવી જ શક્તિઓ વાપરીને આપણને સૌનેય ભગવાનની સેવામાં જોતરી રહ્યા છે. એટલે આવા પુરુષો સદાય અમર છે, જીવંત છે, સદાય આપણી સાથે છે; એમની હૂંફ, પ્રેમ અને પ્રેરણા, એમની કૃપા સદાય આપણા ઉપર વરસે છે.

આપણે તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરનારા વિશેષ ભાગ્યશાળી છીએ કે, બાપાએ અને કાકાએ આ ભૂમિને તીર્થત્વ આપ્યું અને

સાહેબદાદાએ પોતાના તપોબળથી એ તીર્થત્વનું સંવર્ધન કર્યું છે. એવી તીર્થભૂમિના નિવાસી આપણે સૌ સાચા અર્થમાં તીર્થવાસી થઈને રહીએ. તીર્થવાસી થવું ઘણું અઘરું છે. આચાર્ય મહારાજ રઘુવીરપ્રસાદજીને ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢ આવીને સમાગમ કરવાનો જ્યારે આદેશ કર્યો ત્યારે એમ કહ્યું કે, 'તીર્થવાસી થઈને આવો, તો તમારી સર્વ પ્રકારની ગ્રંથિઓને ઓગાળી દઈશ.' એ ગુણાતીત સત્તા હતી, ગુણાતીત જ્ઞાન હતું ! ત્યારે રઘુવીરજી મહારાજ પોતાના આચાર્યપણાનું માન, સન્માન, હોદ્દો બધું મૂકી દઈને માત્ર સેવક બની, તીર્થવાસી થઈને જૂનાગઢ જઈને રહ્યા અને ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજની સર્વોપરી નિષ્ઠા એમના હૃદયને વિષે સ્થાપી દીધી. આવી તીર્થભૂમિના આપણે નિવાસી, આપણે 'તીર્થવાસી' બનવાનો પ્રયત્ન કરીએ. અને જ્યારે આપણે તીર્થવાસી બનીએ, ત્યારે આ તીર્થને તીર્થત્વ આપનારા પ્રગટ સત્પુરુષ સાથેનું આપણું જોડાણ યથાર્થ બને છે અને 'જ્યારે અંતરાય ટળે અને સર્વજ્ઞ જાણે તો ગુરુના ગુણ પ્રાપ્ત થાય છે.' એ ગુણાતીતાનંદ સ્વામીની 'વાત' સાકાર થાય છે.

એવા ગુરુહરિ સાહેબદાદા આપણા જેવા થઈ, આપણી સાથે, આપણી વચ્ચે રહે છે, રમે છે, જમે છે, આનંદ કરાવે છે. એમને આ બધાંમાં શો રસ હોય ? પણ એમને આપણામાં રસ છે. એ આપણને સંબંધ આપવા માંગે છે, આપણને ભગવાન સાથે જોડવા માંગે છે. એમનો એ દાખડો સફળ થાય, એવી ગુરુભક્તિ આપણે અદા કરી શકીએ, એ આ પ્રસંગોની સાચી ઉજવણી ને સ્મૃતિ છે !

કાકાજી, પપ્પાજી, સોનાબા, શાંતાબહેન એમના સમયમાં આવું જીવી ગયાં, જેને આપણે આપણાં 'આદર્શ પ્રભુસ્વરૂપો' તરીકે માનીએ છીએ, પૂજીએ છીએ, એમની મૂર્તિઓ પધરાવી છે અને પ્રસંગે-પ્રસંગે એમની સ્મૃતિ કરીએ છીએ. પણ એ જ જીવંત મૂર્તિ પ.પૂ. સાહેબજી, જે આપણી વચ્ચે વિચરે છે, એમના વિશે સમ્યક્ દિવ્યભાવ અને એમના સંબંધવાળા ભક્તો વિષે સમ્યક્ નિર્દોષબુદ્ધિ થાય, એ જ એકમાત્ર આપણી સાધના છે. એના તરફ સતત જાગ્રત રહીને આપણને જીવવાનું તેઓ બળ પ્રેરી રહ્યા છે.

દાદુકાકાની મોટપ એ કે, એમણે આપણને યોગીજી મહારાજને ઓળખાવ્યા. આપણા ગુણાતીત સમાજના ગુરુસ્થાને દાદુકાકા છે, જેમણે આપણને પ્રગટ પ્રભુ ઓળખાવ્યા, પ્રગટનો સિદ્ધાંત સમજાવ્યો, પ્રગટની રુચિ અને અભિપ્રાયમાં જીવવાનો એકડો ઘુંટાવ્યો. અને વિશેષ કરીને વ્રતધારી સાધકો માટે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર નિવાસ કરતા સર્વ મુક્તો માટે દાદુકાકાનો બીજો બહુ મોટો ઉપકાર એ કે, એમણે આપણને પ.પૂ. સાહેબદાદાનો મહિમા સમજાવ્યો.

વિદ્યાર્થી અવસ્થામાં સાહેબ સાથે અભ્યાસ કર્યો, છાત્રાલય બાંધકામમાં સાથે કામ કર્યાં. યોગીબાપાની આજ્ઞા પ્રમાણે સમૈયા કર્યા, સેવાઓ કરી. એ દરમિયાન ''જશુભાઈ' કંઈક જુદું તત્ત્વ છે'' - એ વાતની ઓળખાણ કાકાશ્રીએ અમારા સમયમાં અમને કરાવી અને ૧૯૮૬ની સાલ સુધી આપણને સૌને કરાવી. માત્ર સાહેબની નહીં, જ્યાં હરિપ્રસાદ સ્વામીનું મંડળ હોય, જ્યાં મુકુંદ સ્વામીનું મંડળ હોય કે જ્યાં જ્યાં જે જે સદ્ગુરુનું મંડળ હોય, ત્યાં જઈને એ સદ્ગુરુની ઓળખાણ, એમના માહાત્મ્યનો વધારો દાદુકાકાએ કરી આપ્યો અને એમનામાં જોડાઈને એમના થઈને જીવવાની વાતનો એકડો માંડી આપ્યો; આ દાદુકાકાનું આપણા ઉપર બહુ મોટું ઋણ છે-ઉપકાર છે ! એ રીતે આપણે એમને સતત સંભારીએ કે, તમે અમને બાપા સાથેનો મેળ કરાવી આપ્યો, તમે અમને સાહેબ સાથેનો મેળ કરાવી આપ્યો અને એને કારણે સમગ્ર ગુણાતીત સમાજના સૌ સંતો, મુક્તો, ભક્તોની સાથે પણ સુમેળ કરાવી આપીને 'ભાવાત્મક એકતા'નું સૂત્ર આપ્યું. આવા પ્રેમ અને આત્મીયતાની ગંગોત્રી 'તારદેવથી' પ્રયોગ સ્વરૂપે દાદુકાકાએ શરૂ કરીને આખા ગુણાતીત સમાજમાં વહેવડાવી.

ગુણાતીત સમાજનો ચાર પાંખાળો સત્સંગ ! જીવન જે આશ્રમમાં જીવતા હોઈએ - ત્યાગી સંતો, વ્રતધારી યુવકો, સંન્યાસી બહેનો કે ગૃહસ્થ મુક્તો સૌ પોતપોતાના આશ્રમને પોતાના સ્વધર્મમાં રહીને દીપાવી શકે એવો સુંદર સુમેળ આ ગુણાતીત સમાજની સ્થાપનામાં થયો છે. આપણે આ ગુણાતીત સમાજના પ્રતીક માટે અલગ ધ્વજ પણ બનાવ્યો અને જ્યારે કોઈ પણ પ્રસંગ હોય, ત્યારે એ ધ્વજ આપણે ફરકાવીએ છીએ. કાકાજી, પપ્પાજી, હરિપ્રસાદ સ્વામીજી અને સાહેબદાદાની મંગલ હાજરીમાં આપણે આમ્રવૃક્ષ હેઠળ બ્રહ્મજ્યોતિનો પાયો નાખીને ગુણાતીત સમાજનો આ ધ્વજ લહેરાવેલો; એ અદ્ભુત સ્મૃતિઓ આપણા સૌની સાથે - આ તપોભૂમિ સાથે જોડાયેલી છે. એની ગરિમા, એનું ગૌરવ, એની પવિત્રતા સચવાઈ રહે અને એનું સંવર્ધન થાય એની સામૂહિક જવાબદારી આપણા સૌની છે, એને સાથે મળીને નિભાવીએ. પ્રભુના કાર્યમાં સૌ મન પરોવીને જોડાઈએ અને ગુરુની પ્રસન્નતાનું પાત્ર બનીએ, એવી પ્રાર્થના કરવાનો પણ આજે મંગલ અવસર છે.

ગુરુહરિ સાહેબદાદા આપણા સૌની ઉપર આવી મંગલ કૃપા વરસાવે. જે ગૃહસ્થો પાયામાંથી આપણી સાથે જોડાયા, જેમણે પોતાનું ધન, ધામ, કુટુંબ, પરિવાર સમગ્ર અર્પણ કર્યું. જે રીતે સંતોએ પણ પોતાનું જીવન અર્પણ કર્યું, ને મન અર્પણ કરવાની જે સાધના કરી રહ્યા છે - એ બધી વાતો ધીરે-ધીરે, પ્રસંગે-પ્રસંગે આપણને સમજાતી જાય છે. સમય ઝડપથી વહી રહ્યો છે. અને હવે પછીની જીવનપદ્ધતિ પણ બદલાવાની છે. એ બદલાવની સાથે આપણે પણ આ જીવનમૂલ્યોને સાથે રાખીને બદલાતા જઈએ. પ્રભુપ્રીત્યર્થે જીવી લેવાનો દૃઢ સંકલ્પ કરીએ અને જીવનમુક્ત થઈને આપણે જીવન કૃતાર્થ કરીએ. એના માટે પ્રભુ અદ્ભુત શક્તિ ને ભક્તિ આપે, એવી મંગલ પ્રાર્થના !

સર્વને આ મંગલ પર્વના ભાવભર્યા જય શ્રી સ્વામિનારાયણ ! ◆



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ માર્ચ, મંગળવાર...** આવી રહેલા ધુળેટી પર્વ નિમિત્તે બ્રહ્મજ્યોતિ પારમિતા સભાખંડમાં પ્રારંભ થયેલ સમૂહ જપયજ્ઞમાં પધારી સૌની સાથે ધૂન કરી, સાંનિધ્યનું સુખ આપ્યું.

**૬ માર્ચ, રવિવાર...** સવારે અમદાવાદમાં ડૉ. શૈલીબહેન ગાંધીના નૂતન ક્લિનિકના ઉદ્‌ઘાટન પ્રસંગે પધારી આશીર્વાદ પાઠવ્યા. ઉપાસના ધામ મંદિરે દર્શનાર્થે પધાર્યા. અમદાવાદથી પરત મોગરી પધારતાં રસ્તામાં લાંભવેલમાં નિવાસ કરતાં અનુપમ સ્વજન સંદીપભાઈ–વીણાબહેનના ઘરે પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. બપોરે વલ્લભવિદ્યાનગર વી.વી.સી.સી. બૅન્કના સુવર્ણ જયંતી પ્રસંગે પધારી મોટી સંખ્યામાં ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૭ માર્ચ, સોમવાર...** બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજની ૩૭મી વાર્ષિક નિર્વાણતિથિ નિમિત્તે મંદિરજી પરિસરમાં યોજાયેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન–ભક્તિનો આનંદ માણ્યો તથા બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજના મહિમાની અદ્‌ભુત વાતો કરી આશીર્વાદ પાઠવ્યા.

**૧૦ માર્ચ, ગુરુવાર...** રાત્રે યુવકોની અઠવાડિક–ગુરુસભામાં યોજિત પ્રાગટ્યોત્સવની સભામાં પધારી સૌ સ્થાનિક ભક્તો તેમજ યુવકો–બાળકોને આશીર્વાદ પાઠવ્યા. વિશેષ, સભાનું સંચાલન કરતા સાધુ પૂ. પરેશદાસ, સાધુ પૂ. યજ્ઞેશદાસ, સાધુ પૂ. શ્રેયસદાસ આદિ સંતોની ભક્તિને બિરદાવી પ્રસન્નતા વરસાવી.

**૧૧ માર્ચ, શુક્રવાર...** વહેલી સવારે બ્રહ્મજ્યોતિથી મોરબી પ્રતિ પ્રયાણ કર્યું. બપોરે મોરબીમાં મહેશભાઈ–જાગૃતિબહેન અંબાણીના ઘરે પધાર્યા. સાંજે કનુભાઈ, કાંતિભાઈ, ચતુરભાઈ, નંદુભાઈ, લાલજીભાઈના ઘરે પધરામણીઓ કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે જગદીશભાઈ અંબાણી–શોભનાબહેનના ઘરે યોજેલ સભામાં પધારી મોરબી પ્રદેશના સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૨ માર્ચ, શનિવાર...** સવારે મહેશભાઈ–જાગૃતિબહેનના ઘરે યોજેલ મહાપૂજામાં ઘરમંદિરની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરી સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. બપોરે કનુભાઈ–નીતાબહેનના ઘરે પધરામણી કરી પરિવારના મુક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે નાની વાવડી સ્થિત મંદિરે સભામાં પધારી સ્થાનિક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. નાનીવાવડીમાં નૂતન મંદિર માટે ફાળવેલ જમીન પર પધરામણી કરી પુષ્પવૃષ્ટિ કરી સ્થાનિક ભક્તોને મંદિર પ્રવૃત્તિ અંગે માર્ગદર્શન આપ્યાં. સાંજે બોપલ (અમદાવાદ)માં અર્પિતભાઈ–પ્રીતિબહેનના ઘરે પધરામણી કરી ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રિરોકાણ માટે 'યુનિટી' બિલ્ડિંગમાં પધારી નરસીદાસ–ચુનીભાઈને પરિવારને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૩ માર્ચ, રવિવાર...** પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી (ગુરુજી)ના પ્રાગટ્યદિન નિમિત્તે ફોન દ્વારા શુભેચ્છાઓ પાઠવી અને આશિષ પ્રાપ્ત કરી. સવારે પ્રાતઃપૂજામાં નરસીદાસ–ચુનીભાઈ ને પરિવારજનોને દર્શન–આશિષનું સુખ આપ્યું. ત્યાંથી કડી (કલોલ)માં કૉલેજના સહાધ્યાયી મિત્ર અ.નિ. વાસુદેવભાઈ પટેલની પ્રાર્થનાસભામાં પધાર્યા. નરનારાયણ દેવની ગાદીના આચાર્ય મહારાજશ્રી પ.પૂ. કૌશલેન્દ્રપ્રસાદશ્રી, કાળુપુર મંદિરના સંતો, પૂર્વ મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, પરિવારના મુક્તો તેમજ સમાજના અગ્રણીઓને મળી અ.નિ. વાસુદેવભાઈ માટે તેઓના માહાત્મ્યગાનરૂપી શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં. બપોરે શાહીબાગ–અમદાવાદમાં વડીલ સાધુ પૂ. ગૌતમદાસજીના નિવાસસ્થાને પધાર્યા. સાંજે અમદાવાદ ઉપાસના ધામમાં યોજેલ સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. રાત્રિરોકાણ 'યુનિટી' બિલ્ડિંગમાં નરસીદાસ–ચુનીભાઈ ને પરિવાર સાથે કર્યું.

**૧૪ માર્ચ, સોમવાર...** સવારે પ્રાતઃપૂજા બાદ આંખના નિષ્ણાત ડૉ. સંજયભાઈ ગાંધીની હૉસ્પિટલમાં પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. બપોરે યુ.એસ.એ. નિવાસી બિમલભાઈ શેઠના પિતાશ્રી અરવિંદભાઈ શેઠના ઘરે સ્વાસ્થ્યલાભ માટે પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી. સાંજે પૂ. આનંદીબહેન (ગવર્નરશ્રી, ઉત્તર પ્રદેશ)નાં દીકરી અનારબહેન–જયેશભાઈના

ફાર્મહાઉસ પર પધરામણી કરી તેમજ ત્યાં યોજેલ કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો અને ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૬ માર્ચ, બુધવાર...** યોગી વિદ્યાપીઠના હૉલમાં યોજેલ યુવતીઓની શિબિરમાં પધારી જીવન જીવવાનું અદ્‌ભુત માર્ગદર્શન આપ્યું. સાંજે ગોષ્ઠિના કાર્યક્રમમાં પધારી સૌ શિબિરાર્થીઓને અદ્‌ભુત સત્સંગલાભ આપ્યો.

**૧૭ માર્ચ, ગુરુવાર...** સવારે યુવતીઓની શિબિરસભામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે યુવતીઓ દ્વારા યોજેલ અદ્‌ભુત કીર્તનસંધ્યામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ સૌ ઉપસ્થિત ભક્તોને અને વિશેષમાં યુવતીઓ દ્વારા પ્રસ્તુત કરાયેલ કીર્તનો માટે ખૂબ પ્રસન્નતા સાથે આશીર્વાદ વરસાવ્યા.

**૧૮ માર્ચ, શુક્રવાર...** સવારે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના ૧૯૪મા પ્રાગટ્યપર્વની સભામાં પધારી તેઓના જીવન-માહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી. સાંજે નૂતન મંદિરના પરિસરમાં યોજેલ ૮૩મા પ્રાગટ્યોત્સવની સભામાં પધારી સૌને દર્શન-આશિષનો અદ્‌ભુત લાભ આપ્યો. આ પ્રસંગે ગુણાતીત સમાજનાં વરિષ્ઠ સંત ભાઈઓ, સંત બહેનો તેમજ હરિભક્તો ઉપસ્થિત રહ્યાં.

**૧૯ માર્ચ, શનિવાર...** સવારે 'અક્ષરમહોલ'માં ફ્લૉરિડા-યુ.એસ.એ. સ્થિત નીલેશભાઈ-મંજુબહેનના દીકરા ડૉ. રાહુલભાઈ-ડૉ. નિરાલીબહેનનાં લગ્ન નિમિત્તે યોજેલ મહાપૂજામાં નવદંપતીને તેમજ ઉપસ્થિત પરિવારજનો, સ્નેહીજનોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૦ માર્ચ, રવિવાર...** સવારે વેમારના ઉપાસના ધામમાં યોજેલ યુવાશિબિરમાં લાભ આપવા માટે બ્રહ્મજ્યોતિ-મોગરીથી પ્રસ્થાન કર્યું. વેમાર ગામના ભક્તો તેમજ શિબિરાર્થી મુક્તોના સ્વાગતભાવનો સ્વીકાર કર્યો. શિબિરના પ્રારંભે સૌને અદ્‌ભુત આશીર્વાદ અર્પણ કર્યા. સાંજે શિબિરની સભામાં પધારી સૌને આનંદ કરાવ્યો.

**૨૧ માર્ચ, સોમવાર...** સવારે વેમારમાં અનુપમ મિશન સંચાલિત 'ભક્તિનંદન' બાલવાડીમાં પધરામણી કરી, ત્યાં કાર્યરત સૌ અક્ષરમુક્તોને તેમજ બાળકોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે બ્રહ્મજ્યોતિ-મોગરી પધાર્યા.

**૨૨ માર્ચ, મંગળવાર...** વેમાર મંદિરના પાટોત્સવની પૂર્વ સંધ્યાએ વેમાર પધારી બળદેવભાઈના ઘરે પધરામણી કર્યા બાદ ઉપાસના ધામ-મંદિરે જઈ ગ્રામજનોને સત્સંગલાભ આપ્યો.

**૨૩ માર્ચ, બુધવાર...** સવારે વેમાર મંદિરના છઠ્ઠા પાટોત્સવ પ્રસંગે મૂર્તિઓનાં પૂજન-અર્ચન કર્યાં તેમજ પાટોત્સવની આરતી અર્પણ કરી. પાટોત્સવ તેમજ અંગ્રેજી તારીખ પ્રમાણે ૮૩મા પ્રાગટ્યપર્વ નિમિત્તે યોજેલ વિશેષ સભામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે માંજલપુર-વડોદરામાં હરેનભાઈના ઘરે માતુશ્રી વસંતબાના સ્વાસ્થ્યલાભ માટે પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા. ત્યાંથી નીકળી બ્રહ્મજ્યોતિ-મોગરી પધારી દર માસની ૨૩મી તારીખે યોજાતી યોગીસ્મૃતિ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો કીર્તન આરાધનાની સાથે તેઓના ૮૩મા પ્રાગટ્યપર્વની ઉજવણી કરી. આ પ્રસંગે ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૬ માર્ચ, શનિવાર...** સવારે આણંદનિવાસી અનુપમ સ્વજન હરીશભાઈના પ્રેમાદરભર્યા નિમંત્રણથી તેઓના સિનેમાગૃહ 'રાજ શિવાલય'માં સૌ સ્થાનિક ભક્તો તેમજ સંતોને સાથે લઈ જઈ 'ધ કાશ્મીર ફાઈલ્સ' હિન્દી ફિલ્મ જોઈ.

**૨૭ માર્ચ, રવિવાર...** સાંજે અમદાવાદ પ્રતિ પ્રયાણ કર્યું. રાત્રિરોકાણ દિવ્યેશભાઈ-અમીબહેનના ઘરે કર્યું.

**૨૮ માર્ચ, સોમવાર...** દિવ્યેશભાઈ-અમીબહેનના ઘરે પ્રાતઃપૂજામાં સત્સંગલાભ આપ્યો. વહેલી સવારે ડૉ. ભરતભાઈ દવે (સ્પાઈન સર્જન)ની હૉસ્પિટલમાં સ્પાઈનની સંપૂર્ણ ચકાસણી કરાવી. ડૉ. ભરતભાઈની નવી હૉસ્પિટલની જગ્યા ઉપર પધરામણી કરી પ્રાર્થના કરી. ત્યારબાદ ડૉ. તેજસભાઈ પટેલની એપેક્ષ હૉસ્પિટલમાં હાર્ટની સંપૂર્ણ ચકાસણી કરાવી. સ્પાઈન તેમજ હાર્ટના સઘળા રિપૉર્ટ નૉર્મલ આવ્યા. બપોરે અનુપમ સ્વજન હિરેનભાઈ મોદી-સંગીતાબહેનના ઘરે પધરામણી કરી ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે પ્રવીણભાઈ કોટકના ઘરે પધરામણી કરી દીકરા હર્ષના સ્વાસ્થ્યલાભ માટે પ્રાર્થના કરી. સાંજે દિવ્યેશભાઈ-ડૉ. અમીબહેનના ઘરે પધારી રાત્રિરોકાણ કર્યું.

**૨૯ માર્ચ, મંગળવાર...** દિવ્યેશભાઈ-અમીબહેનના ઘરે પ્રાતઃપૂજામાં સત્સંગલાભ આપ્યો. સવારે ઉપાસના ધામ-અમદાવાદ પહોંચી યોજેલ સભામાં સત્સંગલાભ આપ્યો. કાર્યકર્તાઓની મીટિંગમાં પધારી જરૂરી માર્ગદર્શન આપ્યું. બપોર પછી દિવ્યેશભાઈના ઘરે પધાર્યા અને ત્યાંથી સાંજે નીકળી બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૧ એપ્રિલ, શુક્રવાર...** બપોરે નવસારીના ધારાસભ્ય શ્રી પીયૂષભાઈ દેસાઈને મુલાકાત આપી. રાત્રે સદ્‌ગુરુ સંત પૂ. ડૉ. વી. એસ. પટેલના પ્રાગટ્યદિન તેમજ નિર્વાણદિન નિમિત્તે પારમિતા સભાખંડમાં યોજેલ સભામાં પધારી મહિમાગાનનું શ્રવણ કર્યું તેમજ પૂ. ડૉ. વી.એસ.દાદાનાં જીવન-માહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨ એપ્રિલ, શનિવાર...** ગુડી પડવાના મંગલ દિને સૌ ભક્તોના સુખદ જીવન માટે વિશેષ પ્રાર્થનાઓ કરી. સાંજે સ્થાનિક ભક્તોને દર્શન-મુલાકાતનો લાભ આપ્યો.

**૩ એપ્રિલ, રવિવાર...** અમદાવાદથી પધારેલ ડૉ. પાર્થિવભાઈ મહેતાનાં પરિવારજનો તેમજ ડૉ. જયદીપભાઈ પટેલની હૉસ્પિટલના ડૉક્ટર્સની ટીમને સત્સંગ-ગોષ્ઠિનો વિશેષ લાભ આપ્યો. સાંજે નિજ મંદિરમાં આરતી અર્પણ કરી.

**૪ એપ્રિલ, સોમવાર...** સવારે 'અક્ષરમહોલ'માં બિરાજી યોગી વિદ્યાપીઠના સૌ કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ યુ.કે.નિવાસી અનુપમસ્વજન શ્રી પ્રદીપભાઈ ધામેચાને સત્કાર્યા તેમજ સ્થાનિક સંતો, ભક્તોની ઉપસ્થિતિમાં તેઓને 'શાલીન માનવરત્ન' ઍવોર્ડ અર્પણ કરી સન્માનિત કર્યા.

**૫ ઍપ્રિલ, મંગળવાર...** સંધ્યા આરતી પૂર્વે અંકલેશ્વર મંડળના સક્રિય અનુપમ સ્વજન રોહનભાઈ તથા તેઓની સાથે પધારેલ સૌ યુવકોને આશીર્વાદ પાઠવ્યા. આણંદનિવાસી મૂકેશભાઈ દવે-પલ્લવીબહેન યુ.એસ.એ. જતાં હોવાથી શુભેચ્છા સહ આશીર્વાદ પાઠવ્યા.

**૬ એપ્રિલ, બુધવાર...** આણંદનિવાસી ચિરાગભાઈ ગોસ્વામી-ભારતીબહેન તથા પરિવારના મુક્તો કાયમી વસવાટ માટે યુ.એસ.એ. જતાં હોવાથી તેઓને શુભેચ્છા સહ આશીર્વાદ પાઠવ્યા. સાંજે અનુપમ મિશન સંચાલિત નૅચર ક્યૉર સૅન્ટરના ડૉ. રાજેશભાઈ તથા સ્ટાફ દર્શનાર્થે પધાર્યા ત્યારે તેઓને આશીર્વાદ પાઠવ્યા.

**૭ એપ્રિલ, ગુરુવાર...** અમદાવાદનિવાસી નલિનીબહેન યુ.એસ.એ. જતાં હોવાથી તેઓને આશીર્વાદ પાઠવ્યા. સાંજે વલ્લભવિદ્યાનગર સ્થિત વી.વી.સી.સી. બૅન્કના અગ્રણી કાર્યકર્તાઓ ભૂરાભાઈ, મૂકેશભાઈ, નિકાભાઈ તથા અન્ય સાથીઓએ ભેગા મળી બૅન્ક વતીથી દાન અર્પણ કર્યું, તેનો સ્વીકાર કર્યો તેમજ ઉપસ્થિત સૌ વડીલોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૮ એપ્રિલ, શુક્રવાર...** બપોરે યોગીપ્રસાદમાં પધાર્યા ત્યારે ઉપસ્થિત સદ્‌ગુરુ સંતો તેમજ સંતો-ભક્તોને ગોષ્ઠિનો અદ્‌ભુત લાભ આપ્યો. સાંજે ચરોતર ગૅસ કું.ના નવા ચૅરમૅન શ્રી ધર્મેન્દ્રભાઈને આશીર્વાદ પાઠવ્યા. સૅન્ટ્રલ ઍક્સાઈઝ અને કસ્ટમના ભૂતપૂર્વ ચિફ કમિશ્નર શ્રી નિગમસાહેબ, જાણીતા ગાયક કલાકાર શ્રી સચિનભાઈ લિમયે અને પરિવાર તથા અનુપમ સ્વજન જિતુભાઈ પોપટ-જ્યોતિબહેનના પરિવારનાં સૌને મુલાકાત આપી ગોષ્ઠિનો લાભ આપ્યો. યુ.એસ.એ. પધારતા પ્રશાંતભાઈ અને પ્રદીપભાઈ પોપટના પરિવારને આશીર્વાદ પાઠવ્યા.

**૯ એપ્રિલ, શનિવાર...** સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજી UPSCના ચૅરમેન બન્યા બાદ આશીર્વાદ લેવા માટે બ્રહ્મજ્યોતિ પધાર્યા ત્યારે અક્ષરમહોલમાં તેઓને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. આ પ્રસંગે ઉપસ્થિત સૌ સંતો તેમજ સ્થાનિક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૦ એપ્રિલ, રવિવાર...** ચૈત્ર સુદ નોમ, ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ભગવાન શ્રી રામના પ્રાગટ્યપર્વે રાજભોગ આરતી અર્પણ કરી તેમજ મોટી સંખ્યામાં પધારેલ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. ભૂતપૂર્વ મૅજિસ્ટ્રેટ શ્રી વિભાકરભાઈ ગાંધીને આશીર્વાદ પાઠવ્યા. આણંદ જિલ્લાના સુપરિન્ટૅન્ડન્ટ ઑફ પૉલીસ (એસ.પી.) શ્રી અજિતકુમાર દર્શનાર્થે પધાર્યા. સાંજે શિકાગોનાં નયનાબહેન તથા દીકરો યશ ભણવા માટે કૅનેડા જતો હોવાથી તેઓને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે વર્ણીકુંજમાં શ્રીહરિ જયંતી તથા શ્રી રામ જયંતીની ભવ્ય ઉજવણી પ્રસંગે પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ પધારેલ સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૧ એપ્રિલ, સોમવાર...** સવારે આદિપુર (કચ્છ)થી હીરાભાઈ તથા સગુણાબહેન દર્શનાર્થે પધાર્યાં, તેઓને સત્સંગ-ગોષ્ઠિનો અદ્ભુત લાભ આપ્યો. સાંજે નૅચર ક્યૉર સૅન્ટરથી ડૉ. રાજેશભાઈ, ચેન્નાઈથી પધારેલ મયૂરભાઈ વાસરાની પરિવાર તેમજ યુ.કે.થી પધારેલ પ્રજ્ઞેશભાઈ-અનુજાબહેન આદિ સૌને સત્સંગનો લાભ આપ્યો, સૌને સુખદ જીવન માટે આશીર્વાદ પાઠવ્યા.

**૧૨ એપ્રિલ, મંગળવાર...** સવારે આણંદમાં ડૉ. જનકભાઈ શાહ (રૅડિયોલૉજિસ્ટ)ની ક્લિનિકમાં પધાર્યા. બપોરે યોગી વિદ્યાપીઠની મુલાકાત લીધી અને કાર્યરત સૌ શિક્ષકો-સ્ટાફના સભ્યોને દર્શન-આશિષનો લાભ આપ્યો. ઈન્ફર્મેશન ટૅક્નોલૉજી સૅન્ટરમાં અમદાવાદથી પધારેલ પ્રશાંતભાઈ પોપટ અને મિત્ર ધર્મેશભાઈને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે વિસાવદરથી પધારેલ અશોકભાઈ, સંજયભાઈને આશીર્વાદ પાઠવ્યા. સાંજે ચેન્નાઈથી પધારેલ મયૂરભાઈ-પ્રીતિબહેન, ધ્યાનેશ-પલક આદિ પરિવારજનોને ગોષ્ઠિનો અદ્ભુત લાભ આપ્યો. વલ્લભવિદ્યાનગરથી પધારેલ કાર્તિકભાઈ ભટ્ટ અને કીર્તિભાઈ ભટ્ટને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૩ એપ્રિલ, બુધવાર...** સવારે ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરેથી પધારેલ વડીલ સાધુ પૂ. કૌશિકદાસ તથા સાધુ પૂ. અરવિંદદાસને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે નિજ મંદિરના પ્રાંગણમાં પધારી સંધ્યા આરતીનાં દર્શનનો લાભ લઈ પ્રાર્થનાઓ કરી. કોઈમ્બતુરથી ઉદયનભાઈ-નયનાબહેન, અમદાવાદથી કલ્પેશભાઈ-અમીબહેન, યુ.એસ.એ.થી જિતુભાઈ-મનીષાબહેન, બ્રિસબૅન-ઑસ્ટ્રેલિયાથી રીનાબહેન અને સ્થાનિક મુક્તો પધાર્યાં તે સૌને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપી સુખદ જીવન માટે આશીર્વાદ પાઠવ્યા. સાંજે પુરુષોત્તમદાસ રતનપરા (દાસકાકા)ના ૮૩મા જન્મદિન નિમિત્તે સંતોને લઈને મોગરી તેઓના ઘરે પધરામણી કરી. દાસકાકા-રમામાસી અને પૌત્ર આર્ષને આશીર્વાદ પાઠવ્યા. દિવ્યેશભાઈ-દીપ્તિબહેનના ઘરે પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. નિકેતાબહેન પંચાલના ઘરે પધરામણી કરી દીકરી સૌમ્યા-દીકરો નિમિત્ત સારો અભ્યાસ કરે તેવા રૂડા આશીર્વાદ આપ્યા.

**૧૪ એપ્રિલ, ગુરુવાર...** સવારે મોગરીનિવાસી રસિકભાઈ-પ્રીતિબહેનની દીકરી ચિ. ઋચા વધુ અભ્યાસ અર્થે કૅનેડા જતી હોવાથી આશીર્વાદ પાઠવ્યા. વલ્લભવિદ્યાનગર નિવાસી મનીષાબહેનની દીકરી કૃપા યુ.એસ.એ. જતી હોવાથી તેને આશીર્વાદ પાઠવ્યા. બપોરે યુ.એસ.એ. જતા વડીલ સાધુ પૂ. કૌશિકદાસજી અને પૂ. અરવિંદદાસજીને વિદાય વેળાએ આશિષ-શુભેચ્છા પાઠવી. સાંજે યુ.એસ.એ. જતાં આણંદનિવાસી અનુપમ સ્વજન ચિરાગભાઈ-ભારતીબહેન તથા પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. સહાધ્યાયી મિત્ર અ.નિ. બિપિનભાઈ જોશીની પૌત્રીની કંકોતરી પરિવાર તરફથી મેળવીને પ્રસંગની સફળતા પ્રાપ્ત થાય તથા દાંપત્યજીવન સરસ બને તેવા આશીર્વાદ પાઠવ્યા.

**૧૫ એપ્રિલ, શુક્રવાર...** બપોરે યુ.કે.નિવાસી સ્વાતિબહેન અને ધીરેન્દ્રભાઈ સંતાન સાથે દર્શનાર્થે પધાર્યાં ત્યારે આશીર્વાદ પાઠવ્યા. તેઓની સાથે અમદાવાદનિવાસી માવતર જગદીશભાઈ-ઈલાબહેન પણ હતાં. અમદાવાદથી ઉત્સવભાઈ પરિવાર સાથે પધાર્યા તે સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે નિજ મંદિરે આરતી અર્પણ કરવા પધાર્યા. ચેન્નાઈથી ઝવેરીભાઈ-રક્ષિતાબહેનના દીકરો ધ્રુવ-દર્શની આવ્યાં, તેઓને આશીર્વાદ પાઠવ્યા.

**૧૬ એપ્રિલ, શનિવાર...** સવારે વડોદરામાં સોખડાનિવાસી એકતાબહેનના ઘરે યોજેલ મહાપૂજામાં પધારી આશિષ પાઠવી, ગોષ્ઠિનો લાભ આપી બપોરે ઊર્મિલભાઈ-મીનલબહેનના ઘરે પધાર્યા. ભગતજી મહારાજના પ્રસાદીના ઓટે દર્શને પધાર્યા. ત્યાં વડોદરાના સ્થાનિક ભક્તોની ઉપસ્થિતિમાં યોજેલ સભામાં આશીર્વાદ પાઠવી સૌને દર્શન-સમાગમનું સુખ આપી અંકલેશ્વર પધાર્યા. મંડળના સૌ ભક્તોએ ભેગા મળીને સત્કાર્યા ત્યારે સૌના ભાવ ઝીલ્યા અને રાજેશભાઈ-મીરાંબહેનના ઘરે પધારી પરિવારના સૌ મુક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. મોડી રાત્રે આરામમાં પધાર્યા.

**૧૭ એપ્રિલ, રવિવાર...** સવારે રાજેશભાઈ-મીરાંબહેનના ઘરમંદિરના પાંચમા પાટોત્સવ પ્રસંગે મૂર્તિઓનાં પૂજન કરી, પુષ્પાંજલિ, પાટોત્સવની આરતી અર્પણ કરી. સભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા. સભા બાદ રોહનભાઈના મિત્ર ભરતભાઈ ભરવાડ તથા ગ્રીષ્મા છાયાણીનાં પરિવારજનોને મુલાકાત આપી આશીર્વાદ પાઠવ્યા. ત્યાંથી નીકળી ખંભાસલામાં રાજુભાઈ ગોટીની ફૅક્ટરીમાં યોજેલ મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

સ્નેહલભાઈ, જનકભાઈના પ્લૉટમાં પુષ્પાંજલિ અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા. જયંતીભાઈના ઘરમંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રિરોકાણ માટે બારાસડીમાં કાંતુકાકા-ઉર્મિલાબાના ઘરે પધાર્યા.

**૧૮ એપ્રિલ, સોમવાર...** સવારે કાંતુકાકાના ઘરે યુવાનો તેમજ વડીલોની સભામાં આશીર્વાદ પાઠવ્યા. સાંજે તુંડીના મૂકેશભાઈની 'યશ ઑટો'માં પધરામણી કરી પ્રાર્થના કરી. રાત્રે સુરત ઉપાસના ધામ મંદિરે પધારી દર્શન કર્યાં. ડાંગ જિલ્લાના સેવાધારી સંત પ.પૂ. પી.પી.સ્વામી સાથે ગોષ્ઠિ કરીને સભામાં પધાર્યા. યુવતીઓ તેમજ બાળકો દ્વારા સ્વાગત થયાં. તે સૌના ભાવ ઝીલી સભામાં બિરાજ્યા. સભામાં અમિતાબહેન (ડી.સી.પી. ટ્રાફિક), સી. કે. પટેલ (એ.સી.પી. વરાછા), માવાણીસાહેબ, સી. ડી. પટેલ (જી.ઈ.બી.) આદિ મુક્તોને સત્કાર્યાં તથા ઉપસ્થિત સૌ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૯ એપ્રિલ, મંગળવાર...** ડૉ. નિર્મલભાઈ ચોરારિયાના ઘરે ધૂન-આરતી-મંત્રપુષ્પાંજલિ કરી સભામાં પરિવારજનોને તેમજ મિત્રમંડળને આશીર્વાદ પાઠવ્યા. સુરેશભાઈ અગ્રવાલના ઘરે પધારી પરિવારજનોને ગોષ્ઠિનો અદ્‌ભુત લાભ આપ્યો. 'ગ્લોસ્ટર ડાયમન્ડ'ના માલિક શ્રી કેયૂરભાઈને લઈને પ.પૂ. પી.પી. સ્વામી મંદિરે પધાર્યા, તેઓને ગોષ્ઠિનો લાભ આપ્યો. મુંબઈથી જગતભાઈ તથા પઢિયાર બ્રધર્સ દર્શને પધાર્યા, તેઓને ગોષ્ઠિનો લાભ આપ્યો. સુરત મંદિરેથી સૌની ભાવભરી વિદાય લઈને ભરૂચ બારોટ પરિવારના ઘરે પધાર્યા. સોસાયટીના મુખ્ય દ્વારથી ઢોલ-નગારાં સાથે શોભાયાત્રા કરી, જેમાં સૌથી આગળ નાની દીકરીઓએ શિરે કળશ ધારણ કર્યા. મનુભાઈના ઘરે સભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા. ત્યાંથી સમીરભાઈ-યુવરાજભાઈના ઘરે પધરામણી કરી પરિવારનાં સૌને આશીર્વાદ આપ્યા. મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૨૦ એપ્રિલ, બુધવાર...** રાત્રે શયન આરતીમાં પધાર્યા. આરતી અર્પણ કર્યા બાદ ધારીથી કૉમ્પ્યુટરના અભ્યાસ અર્થે પધારેલ દીકરીઓને આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ 'તીરથ'ના ઑડિટોરિયમમાં મોરબીથી પધારેલ ૫૦ જેટલા અક્ષરમુક્તોને સુંદર આશીર્વાદ પાઠવ્યા.

**૨૧ એપ્રિલ, ગુરુવાર...** સવારે સ્વાસ્થ્યની સારવાર માટે મુંબઈ પધારતા વડીલ સાધુ પૂ. નર્મદાશંકરજીને વિદાયની શુભેચ્છા અને નિરામય સ્વાસ્થ્ય માટે આશીર્વાદ પાઠવ્યા. સંધ્યા આરતી બાદ ઉપસ્થિત ભક્તોને દર્શન તેમજ ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૨ એપ્રિલ, શુક્રવાર...** ન્યૂઝીલૅન્ડ પરત પધારતાં અમિતાબહેનને વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. ઉપસ્થિત સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપી યોગીપ્રસાદ પધારી, ત્યાં સેવામાં કાર્યરત સૌ ભક્તોને મળી, તેઓની ભક્તિને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા.

**૨૩ એપ્રિલ, શનિવાર...** યુ.કે.થી પધારેલ વર્તનભાઈ તથા મુંબઈથી પધારેલ જગતભાઈ-ચારુબહેનને સત્કાર્યાં. સૌને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તનસંધ્યા તથા સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજી યુ.પી.એસ.સી.ના ચૅરમૅન પદે નિયુક્ત થયા તે નિમિત્તે યોજેલ 'ભક્તિસત્કાર સમારંભ'માં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો વિશેષ સદ્‌ગુરુ સંત



ભક્તિસત્કાર પ્રસંગે પૃથાબહેન સોનીને આશિષ અર્પણ



ભક્તિસત્કાર પ્રસંગે ગુણાતીત જ્યોતનાં પૂ. હંસાદીદીનાં આશીર્દાન

પ.પૂ. મનોજદાસજીને વિશિષ્ટ સન્માન એનાયત કરી તેઓનાં જીવનમાહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ એપ્રિલ, રવિવાર...** સવારે અમદાવાદથી ડૉ. પાર્થિવભાઈ, હિરેનભાઈ, નરસીદાસ, ચુનીભાઈ, ધનજીમામા, દહેગામથી વાડીભાઈ, યુ.એસ.એ.થી પધારેલ ભાવનાબહેન ગાંધી, સુશ્રુતભાઈ તથા માતુશ્રી ઈન્દિરાબહેન પરીખ સાથે પધાર્યાં તે સૌને દર્શન-સમાગમનું સુખ આપ્યું. સાંજે બોપલથી ગૌરાંગભાઈ-પ્રજ્ઞાબહેન પધાર્યાં, તેઓના દીકરા શ્રુતની એસ.એસ.સી. બૉર્ડની પરીક્ષા નિમિત્તે આશીર્વાદ પાઠવ્યા. મણિનગરથી હાર્દિકભાઈ તથા ખંભાસલાથી જયંતીભાઈ સપરિવાર પધાર્યા. યુ.એસ.એ.થી કલ્પેશભાઈ-પારુલબહેન પધાર્યાં, તે સૌને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું. રાત્રે વલ્લભવિદ્યાનગરમાં સંજયભાઈ-મુન્નીબહેનના ઘરે પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૫ એપ્રિલ, સોમવાર...** બપોરે મુંબઈ પધારતા સદ્‌ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદાને આશીર્વાદ પાઠવ્યા.

**૨૭ એપ્રિલ, બુધવાર...** સાંજે વડોદરાથી પધારેલ નિગમસાહેબ તથા પુત્રવધૂ રિતુને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો. સરદાર પટેલ ઍજ્યુકેશન ટ્રસ્ટના ચૅરમૅન શ્રી ભીખુભાઈનું પારમિતા સભાખંડમાં ખેસ, શાલ, મૂર્તિ અર્પણ કરીને આશીર્વાદ પાઠવ્યા.

**૨૮ એપ્રિલ, ગુરુવાર...** બપોરે આણંદમાં ડૅન્ટિસ્ટ ડૉ. અરુણભાઈ-ડૉ. સચીબહેન બત્રાની હૉસ્પિટલમાં દાંતની સારવાર માટે પધાર્યા. હૉસ્પિટલના કાર્યકરોને આશીર્વાદ પાઠવ્યા. અનુપમ સ્વજન અંબુભાઈ-ઉર્મિલાબહેનના ઘરે તેમજ જિતુભાઈ પોપટ-જ્યોતિબહેનના ઘરે પધરામણી કરી ગોષ્ઠિનો લાભ આપ્યો. સંધ્યા આરતી બાદ મંદિરના પ્રાંગણમાં બિરાજી ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૯ એપ્રિલ, શુક્રવાર...** સવારે બ્રહ્મજ્યોતિ મંદિરમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરીને, બ્રહ્મજ્યોતિમાં સ્થાનિક નિવાસ કરતા સંતો-ભક્તોની ભાવભરી વિદાય લઈને વડોદરા ઍરપૉર્ટ પધાર્યા. અનુપમ સત્સંગ મંડળ-વડોદરાના અક્ષરમુક્તોએ સત્કાર્યા. ફ્લાઈટમાં મુંબઈ પધાર્યા ત્યાં ઍરપૉર્ટ ઉપર મુંબઈ મંડળના વડીલ શ્રી જગતભાઈ કિલ્લાવાલા અને ભક્તોએ સત્કાર્યા. ત્યાંથી જગતભાઈના ઘરે પધારી પરિવારજનોને તથા સુભાષભાઈ-સ્મિતાબહેન બાવીશીને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે ખારઘર મંદિરે પધાર્યા. જ્યાં સૌનો સત્કારભાવ ઝીલી મંદિરના હૉલમાં સદ્‌ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદા કથિત 'જ્ઞાનભક્તિ પારાયણ'માં પધારી કથાનું શ્રવણ કર્યું અને ત્યારબાદ ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે સૂરવૃંદ સાથે પ્રસિદ્ધ ગાયક કલાકારોની ઉપસ્થિતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ પધારેલ સૌ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૩૦ એપ્રિલ, શનિવાર...** સવારે જ્ઞાનભક્તિ પારાયણમાં પ.પૂ. અશ્વિનદાદાની અમૃતવાણીનું શ્રવણ કરી ખૂબ પ્રસન્ન થયા ને સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે સદ્‌ગુરુ સંત પ.પૂ. મનોજદાસ રચિત ભજનોનાં નિરૂપણનો આનંદ માણ્યો. રાત્રે મુંબઈ પ્રદેશ દ્વારા પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી સર્વ કલાકાર અક્ષરમુક્તો ઉપર ખૂબ પ્રસન્નતા વરસાવી આશીર્વાદ પાઠવ્યા. ◆






નવી મુંબઈ, ખારઘર સ્થિત ઉપાસના ધામના ૧૫મા પાટોત્સવ પ્રસંગે યુવાનો, યુવતીઓ, યુવાન ગૃહસ્થો અને વડીલો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભક્તિસભર પ્રસ્તુતિ


# શાલીન માનવરત્ન સન્માન અર્પણ

**અનુપમ મિશન દ્વારા માનવતાના પ્રકાશપુંજનાં સન્માન**

૪ એપ્રિલ, ૨૦૨૨

સમાજમાં પરોપકારને અર્થે સેવાપ્રવૃત્ત રહે છે અને બહુઆયામી આદર્શ જીવન જીવે છે તેઓને અનુપમ મિશન ‘શાલીન માનવરત્ન’ સન્માન અર્પણ કરીને ભક્તિ અદા કર્યાનો સંતોષ અનુભવે છે. ‘જનસામાન્યની કે જીવ-પ્રાણીમાત્રની બહુમૂલ્ય સેવા કરનારની સેવાને બિરદાવવી એ ભક્તિ છે.’ તે ભાવનાને સાકાર કરવા સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી અનુપમ મિશન દ્વારા પ્રતિ વર્ષ દેશ-વિદેશના આવા સેવાભાવી વિરલાઓને નિમંત્રિત કરીને આ સન્માન અર્પણ કરવામાં આવે છે. તાજેતરમાં ૪ એપ્રિલ ૨૦૨૨ના રોજ શ્રીમાન પ્રદીપ ખોડીદાસ ધામેચાને ‘શાલીન માનવરત્ન’ સન્માનથી વિભૂષિત કરાયા. છેલ્લાં બે વર્ષથી તેઓને ‘શાલીન માનવરત્ન’ સન્માન અર્પણ કરવાનાં આયોજન થતાં હતાં, પરંતુ અનિવાર્ય સંજોગોના કારણે તેઓ ઉપસ્થિત રહી શક્યા નહોતા. આ વર્ષે તેઓની ગુજરાતની યાત્રા દરમિયાન બ્રહ્મજ્યોતિમાં દર્શનાર્થે પધાર્યા ત્યારે અનુપમ મિશનના સંતો દ્વારા તેઓને આ સન્માન અર્પણ કરવામાં આવ્યું.

યુ.કે. નિવાસી શ્રીમાન પ્રદીપભાઈ ખૂબ સાલસ, નિર્માની અને પરમાર્થે સેવારત ! દાનની અસ્ખલિત ધારા વહાવી વિશ્વસમસ્તમાં અનેક જરૂરિયાતમંદ માનવીઓને મદદરૂપ બની પુણ્યની કમાણી કરનાર શ્રીમાન પ્રદીપભાઈને મન સેવા એ જીવનનું સર્વોપરી ભક્તિરૂપ સાધન છે. જરૂરિયાતમંદની જરૂરિયાત માહાત્મ્યયુક્ત સેવાથી સંતોષી તેઓએ સમાજને આદર્શ પૂરો પાડ્યો છે. ઈંગ્લેન્ડમાં ગ્રોસરીના ઉદ્યોગમાં અગ્રેસર શ્રીમાન પ્રદીપભાઈ ધામેચા ખૂબ ભક્તિવંત ! આવા આદર્શ વ્યક્તિત્વને સન્માનિત કરી સૌ સંતોએ ભક્તિસભર પરમ સંતોષની લાગણી વ્યક્ત કરી. શ્રીમાન પ્રદીપભાઈએ પણ આ પ્રસંગે અંતરની પ્રસન્નતા વ્યક્ત કરી અને અનુપમ મિશન દ્વારા યુ.કે. તેમજ વિશ્વના અનેક દેશોમાં થતી સેવાની સરવાણીને વધાવી. વળી, તેઓનાં માતા-પિતાની વિશેષ સ્મૃતિ કરી આ સન્માન પ્રાપ્ત કરવામાં અને સેવામાં પીઠબળ પૂરું પાડવા માટેનો શ્રેય તેઓને આપ્યો. ભવિષ્યમાં પણ અનેક પ્રકારે અનુપમ મિશનની સેવાપ્રવૃત્તિમાં સહકાર આપવાની તેઓએ ભાવના વ્યક્ત કરી. સંતભગવંત સાહેબજીએ શ્રીમાન પ્રદીપભાઈની સેવાભાવના અને સરળતાને વર્ણવી તેમજ બ્રહ્મજ્યોતિ પધારવા બદલ અને સન્માન સ્વીકારવા બદલ આભાર વ્યક્ત કર્યો. શ્રીમાન પ્રદીપભાઈ મંદિરજી, ‘તીરથ’, ‘શ્રી હરિ અભિષેક મંડપ’નાં દર્શનાર્થે પધાર્યા અને અભિભૂત થયા. પૂરતો સમય વિતાવી તેઓએ મંદિરજીની કલાત્મકતા, પરિસરની દિવ્યતા અને સાહેબજી સહિત સૌ સંતોની ભક્તિની અનુપમ અનુભૂતિ કરી જેને તેઓએ સહજ ભાવે ગોષ્ઠિમાં વ્યક્ત કરી. ◆



આશીર્દાન : સંતભગવંત સાહેબજી



શ્રીમાન પ્રદીપભાઈને શાલીન માનવરત્ન સન્માન અર્પણ



સ્વામિશ્રીજી

॥ શાલીન માનવરત્ન ॥

સ્વયંના જીવનને સેવાની સરવાણીરૂપ બનાવી
વિનમ્રતાપૂર્વક જનસેવાને પ્રભુસેવા માનતા
પ્રતિષ્ઠાસંપન્ન ગૌરવવંતા ભારતીય પ્રેરણામૂર્તિ
પરમ સન્માનનીય શ્રીમાન પ્રદીપ ખોડીદાસ ધામેચાને
॥ શાલીન માનવરત્ન ॥
સન્માનથી અલંકૃત કરી
અનુપમ મિશન
આનંદ, ગૌરવ તથા કર્તવ્યપાલનનો સંતોષ અનુભવે છે.

સર્વ સાધકો અને સંતોની પ્રાર્થના સહ

અનુપમ મિશન

શ્રી સ્વામિનારાયણ મંદિર
કળશ મહોત્સવ
૧૬ જાન્યુઆરી, ૨૦૨૨
બ્રહ્મજ્યોતિ, ભારત



પ્રતિભાવ દર્શન :

**આદરણીય શ્રીમાન પ્રદીપભાઈ ધામેચા**

## અ.નિ. સદ્‌ગુરુ સંત પૂ. વી. એસ.દાદા સ્મૃતિદિન

૧ એપ્રિલ – અ.નિ. સદ્‌ગુરુ સંત પૂ. વી. એસ.દાદાનો પ્રાગટ્યદિન અને નિર્વાણદિન ! આ પાવન સ્મૃતિમાં 'પારમિતા' સભાખંડમાં સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં માહાત્મ્યદર્શન સભા યોજાઈ. સભા આરંભે પૂ. વી. એસ.દાદાની મૂર્તિનાં સંતો દ્વારા ભાવપૂજન કરાયાં તેમજ પુષ્પહાર અર્પણ કરી વંદના ધરી. ત્યારબાદ ડૉ. અમીબહેન, પૂર્વાબહેન, સરદાર પટેલ યુનિવર્સિટીના કેમેસ્ટ્રી વિભાગના વડા ડૉ. ડી. કે. રાવલ, વડીલ સાધુ પૂ. દિલીપદાસજીએ અલૌકિક મહિમાગાન કરી અ.નિ. સદ્‌ગુરુ સંત પૂ. વી. એસ.દાદાના પ્રેરણાદાયી જીવન, અલમસ્ત સાધુતા અને અનુપમ ગુરુભક્તિનું દર્શન કરાવતી માહાત્મ્ય–સરવાણી સૌએ વહાવી. જેનું જીવન સદાય સૌને પ્રેરણા આપતું તે ભાવના સહજ સૌએ વ્યક્ત કરી. નાનાં–મોટાં સૌ સાથે આત્મિયતાનો વ્યવહાર પૂ. વી.એસ.દાદાએ રાખ્યો તેની સ્મૃતિ કરાઈ. ત્યારબાદ સદ્‌ગુરુ સંતો પૂ. રતિકાકા અને પૂ. શાંતિદાદાએ પૂ. વી. એસ.દાદાના આધ્યાત્મિક જીવનનાં ભક્તિસભર માર્મિક પાસાંઓને વ્યક્ત કરી તેઓના આદર્શ જીવનનું દર્શન કરાવ્યું. અંતે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી પૂ. વી. એસ.દાદા સાથેનાં સંસ્મરણો વાગોળ્યાં. સમર્પિત ગુરુભક્તિ, ઉપાસનાનાં શુદ્ધ સમજણેયુક્ત આચરણ અને પ્રગટ સત્પુરુષ તેમજ તેમના સંબંધીમાં નિર્દોષભાવના પ્રતીકસમ અક્ષરનિવાસી સદ્‌ગુરુ સંત પૂ. વી.એસ.દાદાના અલૌકિક જીવન–માહાત્મ્યમાં રસતરબોળ થઈ સૌ ધન્ય થયાં. ◆

## શ્રી હરિ જયંતી

*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** ૧૦ એપ્રિલના રોજ શ્રીહરિ પ્રાદુર્ભાવ પ્રસંગે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે ભક્તિ–ઉત્સવનું આયોજન કરાયું. વર્ણીકુંજમાં સ્થાનિક




તપોભૂમિ બ્રહ્મજ્યોતિ–મોગરી પર શ્રીહરિ જયંતી પર્વની ઉજવણીના ઉમંગ

અક્ષરમુક્તો અને સંતોની ઉપસ્થિતિમાં પ્રભુના ૨૪૨મા પ્રાદુર્ભાવ પર્વની ઉજવણી કરવામાં આવી. અનુપમ સૂરવૃંદના સંતો અને યુવાનોએ પ્રભુ–માહાત્મ્યનાં કીર્તનો ગાઈને સૌને લીન કર્યા. પ્રત્યેક કીર્તન દ્વારા પ્રભુમહિમા, પ્રભુકૃપા, પ્રભુકરુણા, પ્રભુસામર્થી, પ્રભુની દિવ્યતાની અલૌકિક સૂરાવલિ ભક્તિ સ્વરૂપે પ્રસ્તુત કરવામાં આવી. ત્યારબાદ સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ આશીર્વાદ વરસાવ્યા અને માહાત્મ્ય સમજાવ્યું કે, "સૌને માયા પાર કરવા અને સૌનાં આત્યંતિક કલ્યાણ કરવા પ્રભુ ૨૪૨ વર્ષ પૂર્વે પ્રગટ થયા અને સાધુ સ્વરૂપે સદાકાળ પ્રગટ રહ્યા." એ પરમ સ્વરૂપમાં અદ્વૈત ભાવ સ્થાપવાનાં માર્ગદર્શન તેઓએ પ્રદાન કર્યાં. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ પ્રભુ શ્રી રામ પ્રાગટ્ય અને શ્રી હરિ જયંતી નિમિત્તે આશીર્વાદ વરસાવી પ્રભુની અલૌકિક સત્તા અને સામર્થીની ઝાંખી કરાવી. પ્રભુ પોતાનું કાર્ય પોતાની અન્યથા કર્તુમ્ શક્તિ દ્વારા પણ કરાવી શકે છે તે વાત રામાયણના દૃષ્ટાંત દ્વારા સમજાવીને કહ્યું કે, "પ્રભુસેવા, ગુરુઆજ્ઞા ઝીલવા તત્પર રહેવું. ભક્તિ અને સેવા કરવાની જે તક મળે તે અહોહોભાવે સ્વીકારી હોમાઈ જવું તો પ્રભુ પ્રસન્નતા મળે." આવી આશિષ પામી સૌ કોઈ શ્રીહરિની સર્વોપરિતામાં ગરકાવ થયા.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા અને સૌને પ્રભુના સર્વોપરીપણાની વાતો કરી સૌને પ્રભુમય જીવન જીવવાનાં બળ દીધાં. અંતે સૌએ સમૂહ આરતી ઉતારી પ્રભુભક્તિ અદા કરી અને પ્રભુપ્રાપ્તિના અલૌકિક મહિમાના પ્રસાદરૂપ દિવ્ય આસ્વાદ સાથે વિસર્જિત થયાં. આ સમગ્ર કાર્યક્રમ ડિજિટલ માધ્યમ દ્વારા પ્રસારિત કરાયો, જેનો લાભ દેશ–વિદેશનાં સૌ મંડળોના સંતો–અક્ષરમુક્તોએ લીધો. ◆

## સદ્‌ગુરુ પૂ. મનોજદાસજીનો ભક્તિરૂપ સત્કાર સમારંભ

અનુપમ મિશનના સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજી સંઘ લોક સેવા આયોગ (U.P.S.C.)ના ઈતિહાસના સૌથી યુવા અધ્યક્ષ સ્વરૂપે નિયુક્ત થયા તે અતુલ્ય સિદ્ધિને બિરદાવવાનો ભક્તિરૂપ સત્કાર સમારંભ ૨૩ એપ્રિલ ૨૦૨૨ના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં યોજાયો. સંતભગવંત સાહેબજીની પરમ દિવ્ય સંનિધિમાં સદ્‌ગુરુ સંતોની ઉપસ્થિતિમાં આ સમારોહ પ્રતિમાસ યોજાતી શ્રી યોગીસ્મૃતિ કીર્તન આરાધના સાથે સાંકળી દેવાયો. આ પ્રસંગે શ્રી ગુણાતીત જ્યોતનાં વરિષ્ઠ સંત બહેનો પૂ. હંસાદીદી અને પૂ. દેવીબહેન સાથે સંત બહેનો પણ પધાર્યાં. વળી, ખૂબ મોટી સંખ્યામાં ચરોતર પ્રદેશના મુક્તો તથા વિવિધ મંડળોના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહીને પૂ. મનોજદાસજી પ્રતિનો પ્રેમ, લાગણી અને તેઓની આ સન્માનનીય સિદ્ધિને બિરદાવવાનો ભાવ દર્શાવ્યો.

સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજીના મંચ પર આગમન સમયે સૌએ સ્વસ્થાને ઊભા રહીને તેઓને આવકાર્યા અને કરતાલ સાથે વધાવી લીધા. પૂ. મનોજદાસજીએ આટલી ઊંચી પદવી હાંસલ કરવા છતાં ખૂબ વિનમ્રભાવે અને સંતભગવંત સાહેબજીનો પરમ આદરભાવ જાળવી દાસત્વભાવે આખા કાર્યક્રમમાં નિજ આસન પર બિરાજ્યા. આવા દિવ્ય સાધુના સત્કારનો ઉમંગ સૌનાં હૈયે ઊછળતો હતો. આ આનંદનો ઉમળકો સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ ઉદ્‌બોધન સ્વરૂપે વ્યક્ત કર્યો અને પૂ. મનોજદાસજીની સાધુતા તથા કાર્યદક્ષતાનાં અનુપમ દર્શન કરાવ્યાં.

મંચ પર સુશોભિત ગુરુદેવ યોગીજી મહારાજનાં આશિષ પરામૃત વચનો આજે સાકાર થતાં હોય તેવી સહજ અનુભૂતિ સૌએ કરી. પૂ. મનોજદાસજીના આ પદ પર નિયુક્તિના સમાચાર મળતાં જ પ્રત્યેક સ્વામિનારાયણ સંસ્થાઓ તેમજ અનુપમ મિશન સાથે સંકળાયેલા સૌ અગ્રણીઓ, સંસ્થાઓ, ભક્તો દ્વારા બહોળા આનંદ અને પ્રેમભરી લાગણીઓના આદાન-પ્રદાન કરાયાં તે સૌ પ્રતિ પણ આ સમારંભમાં આભાર વ્યક્ત કરાયો. સમારોહમાં ઉપસ્થિત અનેક અગ્રણીઓ, શિક્ષણ સેવાઓ સાથે જોડાયેલા આગેવાનો, અક્ષરમુક્તોએ પણ શુભેચ્છાઓ અને શુભભાવનાઓ પ્રદાન કરી.

વડીલ સાધુ પૂ. દિલીપદાસજીએ ભાલે પૂજન કર્યાં અને સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ શાલ ઓઢાડી, સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદાએ પુષ્પહાર અર્પણ કર્યો, સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ ખેસ પહેરાવ્યો અને સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાએ સ્મૃતિભેટ આપીને સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજીનાં સન્માન કર્યાં. પૂ. મનોજદાસજીની આ અલૌકિક યાત્રાના સહભાગી અને અનુપમ સમર્પણ કરનાર પૃથાબહેન સોનીનાં પણ તે જ પ્રકારે સૌ સદ્‌ગુરુ સંતોએ સન્માન કર્યાં.

પૂ. હંસાદીદી અને સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ આશીર્વાદ વરસાવ્યા અને પૂ. મનોજદાસજી પ્રતિ સૌ સંતો, સ્વરૂપોના પ્રેમની અને તેઓ દ્વારા જિવાતા અદ્વિતીય સમર્પિત જીવનની ઝાંખી કરાવી સૌને પ્રેરણામૃતનાં પાન કરાવ્યાં. આ પ્રસંગે ઉપસ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરના કાર્યકારી કુલપતિ શ્રી નિરંજનભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પૂ. મનોજદાસજી સાથેનાં પ્રેરણાવંત સંસ્મરણો વાગોળી તેઓને શુભેચ્છા પ્રદાન કરી.

સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજીએ આ સન્માનને ગુરુદેવ યોગીજી મહારાજની કૃપા, પૂ. કાકાજી, પૂ. પપ્પાજી અને ગુણાતીત સમાજના સંતો-અક્ષરમુક્તોની કૃપાવંત દૃષ્ટિ તથા સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના આશીર્વાદ તેમજ માતા-પિતાનાં પુણ્ય કર્મોની ફળશ્રુતિ જણાવી. યોગીજી મહારાજનાં અકલ્પ્ય કાર્ય અને સર્જનની માંડીને વાતો કરી. તેઓએ પકવેલા જ્યોતિર્ધરોની સામર્થી અને સાધુતાની ગાથા વર્ણવી. આવાં સ્વરૂપોએ આપેલ રાષ્ટ્રભક્તિના સંસ્કાર જાળવી દેશસેવા ઉન્નતભાવે કરી શકાય અને તેમાં જાગ્રતતા રાખી શકાય તેવી યાચના કરી. સાધુ તરીકે તેઓએ પોતાના આત્મા અર્થે આ પ્રસંગને અનુરૂપ અનુપમ પ્રાર્થના કરી અને ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો.

એક સાધુ દ્વારા દેશની બંધારણીય વ્યવસ્થાઓનાં સંચાલન થાય અને તે થકી દેશ પ્રગતિ પામે ને વિશ્વગુરુ બને તેવી ઊંચાઈઓ આંબે તેવી પ્રાર્થનાઓ આ પ્રસંગે સંતભગવંત સાહેબજીએ કરી. પૂ. મનોજદાસજી દ્વારા આ સંકલ્પના સાકાર કરવામાં સહજ અમૂલ્ય યોગદાન પ્રદાન થાય અને તે કરતાં તેઓની સર્વ પ્રકારે રક્ષા થાય તથા સ્વાસ્થ્ય નિરામય રહે તેવી શુભાશિષ સંતભગવંત સાહેબજીએ વરસાવી. પૂ. મનોજદાસજીની પ્રામાણિકતા, વફાદારી અને દાસત્વનાં અભૂતપૂર્વ દર્શન સંતભગવંત સાહેબજીએ કરાવ્યાં. ધનંજયભાઈએ સભાસંચાલન સુપેરે સંભાળ્યું. ◆

## ઉપાસના ધામ, ખારઘર મંદિરનો ૧૫મો પાટોત્સવ

મહારાષ્ટ્રના નવી મુંબઈ, ખારઘર સ્થિત અનુપમ મિશન સૉશ્યલ વૅલફૅર સૅન્ટર, ઉપાસના ધામની શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજ, ગુણાતીત સ્વરૂપો અને દેવતાઓની મૂર્તિઓના પંચદશ પાટોત્સવની ભક્તિસંપન્ન ઉજવણી ૨૮ એપ્રિલથી ૧ મે ૨૦૨૨ દરમિયાન કરવામાં આવી. આ દિવ્ય ઉત્સવમાં સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજીની દિવ્ય સંનિધિ પ્રાપ્ત થઈ. લાંબા સમય પછી સંતભગવંત સાહેબજી અને સંતોની પધરામણી તેમજ પાટોત્સવની ઉજવણીનો આનંદ સ્થાનિક ભક્તોના હૈયે હિલ્લોળા મારતો હતો. આ ઉત્સવમાં સહભાગી થવા દેશનાં વિવિધ મંડળોમાંથી ભક્તો પધાર્યા હતા. આ ઉત્સવ નિમિત્તે 'જ્ઞાનભક્તિ' પારાયણ, કીર્તન આરાધના અને સાસંકૃતિક કાર્યક્રમ પણ યોજાયાં, જેનો સૌએ લાભ લીધો અને ખૂબ આનંદ માણ્યો.

૨૮ એપ્રિલના રોજ સાંજે 'જ્ઞાનભક્તિ' પારાયણનો શુભારંભ સુંદર પોથીયાત્રા દ્વારા કરવામાં આવ્યો. આ પારાયણમાં પૂ. અશ્વિનદાદાએ કથામૃતનો લાભ આપ્યો. પૂ. મનોજદાસજીએ રચેલાં અને ઉપાસના અંગેની સમજ પ્રેરતાં કીર્તનોને સમજાવી પૂ. અશ્વિનદાદાએ અલૌકિક પરાવાણી વહાવી. પૂ. અશ્વિનદાદાએ કીર્તનો પર પારાયણનો આરંભ કરતાં પહેલાં પૂ. મનોજદાસજીનો ખૂબ માહાત્મ્યસભર પરિચય આપ્યો-જીવનવૃત્તાંત વર્ણવ્યું. ત્યારબાદ 'આંખલડીના હે રતન...' ભજન પર ગોષ્ઠિ કરતાં 'કીર્તન રચનાનો ઈતિહાસ', 'હું આત્મા છું દેહ

નથી' - ઉપાસનાના સિદ્ધાંતની સ્પષ્ટતા તથા 'ભગવાનના સંબંધવાળાની સેવા અને એમના પ્રત્યેનો ભાવ'; આ ત્રણ મહત્ત્વના મુદ્દાઓ પર ખૂબ સુંદર માર્ગદર્શન આપ્યું. પારાયણના દ્વિતીય દિવસે આધ્યાત્મિક ગોષ્ઠિ આગળ વધારતાં એ જ કીર્તનનો આધાર લઈને 'ખરા અર્થમાં મનનું સમર્પણ ગુરુના ચરણોમાં એટલે પોતાનું સઘળું અર્પણ કરવું' એ વિષય પર સાહેબદાદાએ આપેલા જીવનસૂત્ર 'હું ભગવાનનો ને ભગવાન મારા' અનુસાર ખૂબ સુંદર માર્ગ દર્શન પ્રદાન કર્યું.

દ્વિતીય દિવસના બીજા સત્રમાં 'મોજમાં રહેવું...' કીર્તનના આધારે સહજ આનંદમાં રહી સહજાનંદ પ્રાપ્ત કરવા હાજર વર્તમાનમાં જીવન જીવવાનો મંત્ર આપ્યો. પારાયણના દ્વિતીય દિવસે સંતભગવંત સાહેબદાદાની આશિષ-પરાવાણીનો સૌને લાભ મળ્યો. 'સત્પુરુષની પ્રસન્નતા એ જ મોજમાં રહેવાનો સરળ અને સુગમ માર્ગ છે' એવા આશીર્વાદ તેઓએ અર્પણ કર્યા.

રાત્રે કીર્તન આરાધનાનો અદ્ભુત લાભ સૌને પ્રાપ્ત થયો, જેમાં ખ્યાતનામ ભક્ત કલાકારો અભિજીત ઘોષાલ, જયેશ ગાંધી, રાહુલ પટેલ સાથે ઉપાસના ધામ, ખારઘરનાં બાળમંડળ અને યુવાવૃંદના સભ્યોએ ભક્તિ-કીર્તનોમાં સૌને લીન કર્યાં. ખૂબ માહાત્મ્યસભર ભજનોની ભાવવાહી પ્રસ્તુતિ માણી સૌ ભક્તિઆનંદે સભર બન્યાં.

જ્ઞાનભક્તિ પારાયણના તૃતીયદિનના પ્રથમ સત્રમાં સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ મનુષ્યનાં ઇન્દ્રિયો તથા મનને ભગવાનમાં જોડવા વિષયક ખૂબ સુંદર વાતો કરી તેમજ 'ઉપાસના' અને 'આજ્ઞા' એ સત્સંગની બે પાંખો છે, તે જણાવી ઉપાસનાની સ્પષ્ટ સૈદ્ધાંતિક સમજણ પૂરી પાડી


અંતિમ દિવસના પારાયણના બીજા સત્રમાં સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજીએ પધારી કીર્તનોનું સ્વયં ખૂબ સુંદર વિવેચન કરી ભગવાન અને ગુરુને કેન્દ્ર સ્થાને રાખી, જીવનને સહજ, નિશ્ચિંત અને નિર્બંધ બનાવવાનું માર્ગદર્શન આપ્યું. સાચું સુખ ભગવાનના ચરણમાં ને સાહેબદાદાના શરણમાં છે – તે માર્મિક માર્ગદર્શન તેઓએ તલસ્પર્શી રજૂઆત સાથે પ્રદાન કર્યું. સાથે સાથે સાહેબદાદાએ પણ આશીર્વાદરૂપ પરાવાણીનો લાભ આપ્યો.

રાત્રે ખૂબ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરાયો. આ કાર્યક્રમમાં બાળકો-બાલિકાઓ, યુવાનો-યુવતીઓ, યુવાગૃહસ્થો અને વડીલો સર્વેએ ભાગ લીધો અને સંપ, સુહૃદભાવ, એકતાથી હળીમળીને પ્રસ્તુતિ કરી તેનાથી સાહેબદાદા અને સૌ અત્યંત પ્રસન્ન થયા. નૃત્યભક્તિ તથા યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીના જીવનમાં વણાયેલા સંપ, સુહૃદભાવ અને એકતાના પ્રસંગોની વક્તવ્ય, નાટ્યસંવાદ અને કાવ્યાત્મક રજૂઆત કરવામાં આવી. આવી ચોટદાર અને હૃદયસ્પર્શી પ્રસ્તુતિ દ્વારા સૌએ અનુપમ ગુરુભક્તિ અદા કરી.

૧ મે ૨૦૨૨ના રોજ મંદિરની મૂર્તિઓના પાટોત્સવ પ્રસંગે સંતોએ આચાર્યપદ પર બિરાજમાન થઈ યજમાનો પાસે પાટોત્સવવિધિ ખૂબ જ ભક્તિભાવપૂર્વક કરાવી. આશરે ૩૦ જેટલા યજમાનો સંતભગવંત સાહેબદાદા અને સદ્‌ગુરુ સંતોના સાંનિધ્યે બિરાજ્યા અને પાટોત્સવ પૂજનનો ભક્તિભાવે લાભ લીધો. પ્રભુમૂર્તિના શણગાર દરમિયાન સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજીએ 'હું' પદને ત્યજી પ્રભુ અને ગુરુ આકારે જીવન બનાવવાનું સુંદર માર્ગદર્શન આપ્યું. શણગાર બાદ પટલ ઉઘડ્યા ને અનુપમ સૂરવૃંદના સંતો-યુવાનોએ છડી પોકારીને પ્રેમાનંદ સ્વામી રચિત 'શોભા સાગર શ્યામ તમારી મૂર્તિ પ્યારી રે...' કીર્તન ઉપાડ્યું, જેમાં સૌ લીન થઈ ગયાં. ત્યારબાદ માહાત્મ્યદર્શન સભામાં જગતભાઈ કિલ્લાવાલાએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યાં. સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજીનું યુ.પી.એસ.સી.ના સૌથી યુવા અધ્યક્ષ સ્વરૂપે નિયુક્ત થયા તે બદલ તથા પનવેલ મ્યુનિસિપલ કૉર્પોરેશનના કમિશ્નરશ્રી ગણેશ દેશમુખની નિઃસ્વાર્થ સેવાભાવના અને મંદિરકાર્યમાં સદાય સહકાર આપવા બદલ સન્માન કરી હૃદયના ભાવ અર્પણ કર્યા. ખારઘર મંદિરના સર્વ પ્રકારના વિકાસ અને સમારકામની સેવા ખૂબ ખંતથી અદા કરનાર અક્ષરમુક્ત ગૌરવભાઈ રાવલ તથા નવી મુંબઈ, સૌરાષ્ટ્ર સમાજના અધ્યક્ષ શ્રી નારણભાઈનાં પણ આ પ્રસંગે અભિવાદન કરાયાં. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ અલૌકિક આશીર્વાદ પ્રદાન કરી સૌને ધન્ય કર્યાં. આ પ્રસંગે પવઈ મંદિરથી પૂ. ભરતભાઈ, પૂ. વશીભાઈ, સંત બહેનો અને ભક્તોએ પધારી સૌના ઉમંગમાં ઉમેરો કર્યો.

સમગ્ર ઉત્સવમાં સ્થાનિક સંતો સાધુ પૂ. દિનેશદાસજી અને સાધુ પૂ. હરિકૃષ્ણદાસજી સાથે સાધુ પૂ. ઉમેશદાસજી, સાધુ પૂ. રાજુદાસજી, સાધુ પૂ. યજ્ઞેશદાસજીનાં માર્ગદર્શને યુવાપેઢી અને ગૃહસ્થ આગેવાનોએ એકબીજાનો મહિમા સમજી, પૂરક બની, સંપીને ભક્તિભાવે મહિમાસભર સેવાઓ કરીને સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની અત્યંત પ્રસન્નતા મેળવી. યુવાનેતા મૌલિકભાઈ અધ્વર્યુએ સમગ્ર સભાઓ અને કાર્યક્રમોનું સંચાલન સંભાળ્યું. ઉત્સવમાં સેવા કરનાર, સહકાર આપનાર, સહભાગી બનનાર સૌનો આભાર જગતભાઈ, હેતનભાઈ, કે. સી. સિંગસાહેબ આદિ મંદિરની ટ્રસ્ટ કમિટીના સભ્યોએ માન્યો. ચાર દિવસના આ દિવ્ય ઉત્સવમાં સૌએ ભેગાં મળી બ્રહ્માનંદ કર્યો, સહજાનંદની અનુભૂતિ કરી. ◆

# ॥ सर्वे सन्तु निरामया: ॥




## ઑસ્ટિઓપોરોસીસ 'છૂપો ચોર'


~ ડૉ. ભરત આર. દવે
*(કરોડરજ્જુ વિશેષજ્ઞ, અમદાવાદ)*



***સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી 'બ્રહ્મનિર્ઝર'માં શરૂ કરાયેલ સ્વાસ્થ્યલક્ષી વિશેષ માર્ગદર્શન આપતી લેખમાળા – 'સર્વે સન્તુ નિરામયાઃ'ના આ માસ અને આગામી માસના અંકમાં નિપુણ કરોડરજ્જુ વિશેષજ્ઞ શ્રીમાન ડો. ભરતભાઈ આર. દવેનાં માર્ગદર્શન પ્રાપ્ત થશે.***

***ડૉ. ભરતભાઈ દવે અત્યંત કુશળ તબીબ તેમજ મણકાંની શસ્ત્રક્રિયામાં માહેર એવા સુપ્રસિદ્ધ પણ ભક્તહૃદયી અને સેવાભાવનાએ યુક્ત ડૉક્ટર છે. તેઓએ વર્ષોવર્ષ ઑર્થોપીડિક તેમજ વિશેષ કરોડરજ્જુના જટિલ ને ગંભીર રોગોનું નિદાન કરી અસંખ્ય દર્દીઓને રાહતભર્યું સ્મિત પૂરું પાડ્યું છે. તેઓની સેવાને વંદન કરીએ છીએ !***

**ઑસ્ટિઓપોરોસીસ**ને છૂપો ચોર પણ કહેવાય છે. શરીરમાં કંઈક એવું બને છે કે જેથી આપણી જાણ બહાર કોઈક શરીરમાંથી કેલ્શિયમ ચોરી જાય છે. ઑસ્ટિઓપોરોસીસ શરીરમાં આપણી જાણ બહાર થાય છે અને હાડકાંઓમાં નાની તિરાડો પડવા લાગે છે અને તે ક્યારે અપંગતામાં પરિવર્તે છે તેનો ખ્યાલ જ નથી રહેતો.

### * ઑસ્ટિઓપોરોસીસ બાબતે કેમ જાણવું જરૂરી છે ?

હાડકાં એ શરીરનું મૂળ બંધારણ છે. તેમાં છિદ્રાળુપણું આવવાથી તે તૂટી જવાની શક્યતા વધે છે. સામાન્ય પડી જવાથી અથવા સ્નાયુના દબાણને કારણે હાડકામાં તિરાડ પડ્યા પછી હાડકું પાછું ફરીથી સંધાતાં વાર લાગે છે અથવા ખોડ સાથે સંધાય છે. આમ થવાથી દર્દીને દુઃખાવો અને ખોડ રહી જાય છે. સામાન્યતઃ ફ્રેક્ચર ત્રણ જગ્યાએ થાય છે – મણકામાં, થાપામાં અને કાંડામાં.






ઉંમરના કારણે થતા આ રોગમાંથી કોઈ બાકાત રહેવાનું નથી. જેમ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસને પહેલાં છૂપો કાતિલ કહેતા હતા, પરંતુ તે અંગેની જાગૃતતા વધવાને કારણે તેનાથી થતો મૃત્યુદર ખૂબ ઘટી ગયો છે. તે જ રીતે ઑસ્ટિઓપોરોસીસ – આ છૂપા ચોર અંગેની જાગૃતતા વધારવાથી, તેની સારવાર કરવાથી સમાજમાં મોટી ઉંમરની વ્યક્તિઓ ઓછી પીડાશે.

સ્ત્રીઓમાં હાર્ટઍટેક, લકવા અને છાતીના કેન્સરનો વાર્ષિક દર, ઑસ્ટિઓપોરોસીસના લીધે થતા ફ્રેક્ચરના દર કરતાં પ્રમાણમાં ઓછો હોય છે.

### * ઑસ્ટિઓપોરોસીસની ઓળખ.

'ઑસ્ટિઓપોરોસીસ' એ એક ગ્રીક ભાષાનો શબ્દ છે. ઑસ્ટિ–ઓપોરોસીસ શબ્દની સંધિ છૂટી પાડો એટલે એનો અર્થ થાય, 'ઑસ્ટિઓ' એટલે હાડકાં અને 'પોરોસીસ' એટલે છિદ્રાળુ.

સાદા અર્થમાં ઑસ્ટિઓપોરોસીસ એટલે પોલાં કે પોચાં પડી ગયેલાં હાડકાં.

હાડકાંમાં મુખ્યત્વે કેલ્શિયમ હોય છે, જે તેને મજબૂત બનાવે છે. જેમ જેમ ઉંમર વધતી જાય છે તેમ તેમ કેલ્શિયમ ઘટતું જાય છે. આથી તેનું ઘનત્વ ઘટતું જાય છે. આવાં નબળાં હાડકાં થોડી ઈજા થવાથી અથવા દબાણથી પણ સહેલાઈથી ભાંગી જાય છે.

સામાન્યતઃ એવી માન્યતા હોય છે કે, હાડકાં એટલે શરીરનો સૌથી નક્કર ભાગ. કોઈ પણ હાડકાનું બંધારણ બહારના મજબૂત પડ

સામાન્ય હાડકું ઑસ્ટિઓપોરોસીસ



કોરટીકલ અને અંદરના છિદ્રાળુ ભાગ કેન્સેલસ દ્વારા રચાય છે. ઉંમર વધતાં અંદરના છિદ્રાળુ ભાગમાં અનેક ફેરફાર થાય છે. જેના પરિણામે છિદ્રોની સંખ્યા વધે છે તથા છિદ્રો મોટાં પણ બને છે.

બાળક જન્મે ત્યારથી ૩૦ વર્ષની વયે પહોંચે ત્યાં સુધી શરીરમાં હાડકાંઓમાં વધુમાં કેલ્શિયમ જમા થાય છે. ૩૦ વર્ષે આ કેલ્શિયમ મહત્તમ હોય છે જેને પીક બૉન માસ કહે છે. ૩૦ વર્ષ બાદ કેલ્શિયમનું ધોવાણ શરૂ થાય છે. બહેનોમાં માસિક બંધ થયા બાદ આ પ્રક્રિયા ઝડપથી થાય છે. આ પરિસ્થિતિને ઑસ્ટિઓપોરોસીસ કહેવાય છે.

વર્લ્ડ હેલ્થ ઑર્ગનાઈઝેશન (W.H.O.)ની વ્યાખ્યા મુજબ (Bone mineral density) એટલે કે હાડકાંની ઘટ્ટતાનું મૂલ્ય -૨.૫ કરતાં ઓછું થાય તો વ્યક્તિને ઑસ્ટિઓપોરોસીસ થયો છે તેમ કહેવાય.

❖ **જાણવા જેવી હકીકતો :**

- વર્ષ ૨૦૫૦ સુધીમાં, દુનિયાનાં ૫૦ ટકા લોકોને ઑસ્ટિઓ-પોરોસીસના લીધે જ ફ્રેક્ચર થશે.
- જીવનકાળ દરમિયાન ૩૦-૪૦ ટકા સ્ત્રીઓને ફ્રેક્ચર થવાની શક્યતા રહે છે અને ૧૫-૩૦ ટકા પુરુષોને શકયતા રહે છે.
- એકવાર મણકાનું ફ્રેકચર થાય તેવા દર્દીઓને વર્ષ દરમિયાન પાંચ ગણું જોખમ વધી જાય છે.
- દુનિયાની સરખામણીમાં ભારતીય સમાજમાં પુરુષોમાં વધુ અને સ્ત્રીઓમાં નાની ઉંમરે ઑસ્ટિઓપોરોસીસ જોવા મળે છે.
- એશિયન મનુષ્ય જાતિમાં જન્મજાત હાડકાંની ઘનતા ઓછી હોય છે. (અમેરિકન, આફ્રિકન અને યુરોપિયન કરતાં)

* **ઑસ્ટિઓપોરોસીસ કેવી રીતે થાય ?**

હાડકાંનું સતત વિભાજન અને વૃદ્ધિ થતી રહે છે. આપણે સૂતા હોઈએ કે જાગતા હોઈએ આ ક્રિયા અવિરત, અથાગ ચાલતી રહે છે. વિભાજન અને વૃદ્ધિની આ પ્રક્રિયામાં 'ઑસ્ટિઓબ્લાસ્ટ' અને 'ઑસ્ટિઓક્લાસ્ટ' કોષો મુખ્ય ભૂમિકા ભજવે છે.

ઑસ્ટિઓક્લાસ્ટ એ લોહીના કોષોમાંથી બનતા કોષો છે, જે હાડકાંમાંથી કેલ્શિયમ છૂટું પાડી લોહીમાં મુક્ત કરે છે. આ પ્રક્રિયા દરમિયાન હાડકાંમાંજે છિદ્રો પડે છે ત્યાં ઑસ્ટિઓબ્લાસ્ટ અને કોલેજન એકત્રિત થાય છે. આ પ્રક્રિયાના અંતે આ કોલેજનમાં નવું કેલ્શિયમ અને ફોસ્ફરસ જમા થાય છે. આ રીતે હાડકાંનું સતત વિભાજન અને વૃદ્ધિ થતી રહે છે. આ પ્રક્રિયા 'વિભાજન અને વૃદ્ધિ' અથવા 'રિમોડલિંગ' પણ કહેવાય છે.

પુખ્ત વયના વ્યક્તિમાં દર વર્ષે ૨૦થી ૩૦ ટકા હાડકું નવું બને છે. આમ હાડકું બનવા અને તૂટવાની પ્રક્રિયા સંતુલનમાં ચાલ્યા કરે છે. આ સંતુલન ઘણાં બધાં પરિબળો પર આધારિત છે.

ઉંમર વધતાંની સાથે અનેક ફેરફારો થાય છે ને આ પ્રક્રિયા અસંતુલિત બને છે. એટલે કે ઑસ્ટિઓક્લાસ્ટિક ક્રિયા (હાડકું ધોવાવાની ક્રિયા) વધવાથી હાડકાંમાંથી કેલ્શિયમનું ધોવાણ વધી જાય છે. જેથી ઑસ્ટિઓપોરોસીસ થાય છે. પણ આ પ્રક્રિયા અસંતુલિત બનાવવા પાછળ ઘણાં પરિબળો હોય છે.



ઑસ્ટિઓક્લાસ્ટ ઑસ્ટિઓબ્લાસ્ટ




❖ **શું મને ઑસ્ટિઓપોરોસીસનાં લક્ષણો છે ?**

"દુઃખ એ વાતનું છે કે, આ રોગના કોઈ ભણકારા હોતા નથી."

ઑસ્ટિઓપોરોસીસના કોઈ વહેલાં ચિન્હો હોતાં નથી. પરંતુ પાછળના તબક્કામાં જોવા મળતાં ચિહ્નો આ પ્રમાણે છે.

- કાંડું, મણકા અને થાપાનું ફ્રેક્ચર
- પાતળી ચામડી તથા બરડ વાળ
- આગળ ઝૂકી ગયેલું શરીર
- પાંસળીનું દર્દ, હાડકાંનો દુઃખાવો
- કમરનો દુઃખાવો
- સમયાંતરે ઘટતી ઊંચાઈ
- ડોકીનો દુઃખાવો, પીંડીનું દર્દ

ઉપરનાં ચિહ્નો બીજા રોગોમાં પણ થઈ શકે છે.




### ❖ ઑસ્ટિઓપોરોસીસની તપાસ કઈ રીતે કરાવશો ?

ઑસ્ટિઓપોરોસીસના નિદાન માટે,

**૧) લોહીના રિપોર્ટ જેવા કે,**

- સિરમ કેલ્શિયમ
- સિરમ ક્રીએટીનીન
- સિરમ આલ્કલાઈન ફોસ્ફેટ
- સિરમ પી.ટી.એચ.
- બોન માર્કર (આ એક નવી પદ્ધતિ છે જેની મદદથી હાડકું જોડાશે કે નહીં તેનો અંદાજ આવી શકે છે.)
  હાડકાંની ઘનતાની ચકાસણી કરવી જરૂરી છે જેને મૅડિકલ ભાષામાં Bone Density Test કહેવાય છે.

**૨) ઑસ્ટિઓપોરોસીસની તપાસ કરવા માટેના બે રસ્તા.**

**ડેક્ઝા મશીન દ્વારા**

આ ટેસ્ટમાં સૌ પ્રથમ વ્યક્તિને મશીન પર સુવડાવવામાં આવે છે. જે મશીન બંધ હોતું નથી. આ મશીન દ્વારા કરોડ, નિતંબ અને કાંડાનાં હાડકાંની ઘનતા માપવામાં આવે છે. રજોનિવૃત્તિ પછી, સામાન્ય સંજોગોમાં આ રિપૉર્ટ દર બે વર્ષે કરાવવો જોઈએ. આ પદ્ધતિ ચોક્સાઈવાળી ગણવામાં આવે છે.

**૩) ટી સ્કોરની મદદથી હાડકાંની ઘનતા માપી શકાય છે.**

| | | |
|---|---|---|
| સામાન્ય હાડકું | ટી સ્કોર | ૦ થી -૧ |
| ઑસ્ટિઓપિનિયા | ટી સ્કોર | -૧ થી -૨.૪ |
| ઑસ્ટિઓપોરોસીસ | ટી સ્કોર | -૨.૫ થી વધુ |

**૪) સીટી સ્કેન ડેનસિટોમેટ્રી**

આ પદ્ધતિ નુકસાનકારક અને વધુ રેડીએશન ધરાવે છે. આમાં ડેક્ઝા મશીનની જેમ ઘનતા માપી શકાય છે.

### ❖ ઑસ્ટિઓપોરોસીસ થયા પછી કઈ સારવાર લેશો ?

હા, નીચેનાં પગલાં લઈ ઑસ્ટિઓપોરોસીસને ચોકકસ રોકી શકાય.

૧. પૂરતાં અને શુદ્ધ કેલ્શિયમ યુકત આહાર
૨. નિયમિત અને યોગ્ય વ્યાયામ
૩. જરૂરી દવાઓ

**૧. શુદ્ધ કેલ્શિયમ યુકત આહાર (૧૦૦ ગ્રામ) માંથી**

| | | |
|---|---|---|
| • તાંદળજો | ૫૧૦ | મિ.ગ્રા. |
| • ચણાની દાળ | ૨૦૨ | મિ.ગ્રા. |
| • કળથી | ૨૮૭ | મિ.ગ્રા. |
| • રાઈ | ૪૯૦ | મિ.ગ્રા. |
| • તલ | ૧૪૫૦ | મિ.ગ્રા. |
| • ખસખસ | ૧૫૮૦ | મિ.ગ્રા. |
| • મેથી | ૩૯૫ | મિ.ગ્રા. |
| • માવો | ૯૫૬ | મિ.ગ્રા. |
| • ગાયનું દૂધ | ૧૨૦ | મિ.ગ્રા. |
| • ભેંસનું દૂધ | ૨૧૦ | મિ.ગ્રા. |
| • ચીઝ | ૭૯૦ | મિ.ગ્રા. |
| • રાજમા | ૨૬૦ | મિ.ગ્રા. |
| • બદામ | ૨૨૦ | મિ.ગ્રા. (૨૦૦ ગ્રામ)માંથી |
| • દહીં | ૩૯૦ | મિ.ગ્રા. (૨૫૦ ગ્રામ)માંથી |
| • પાલક | ૧૩૮ | મિ.ગ્રા. |
| • કોબીજ | ૩૬ | મિ.ગ્રા. |
| • વેનિલા આઈસ્ક્રીમ | ૧૭૬ | મિ.ગ્રા. (૧ નંગ) માંથી |
| • નારંગી | ૫૨ | મિ.ગ્રા. |
| • બ્રેડ | ૩૨ | મિ.ગ્રા. |

**૨. નિયમિત અને યોગ્ય વ્યાયામ :**

તબીબીવિજ્ઞાનમાં વૃલ્ફનો નિયમ જાણીતો છે "તણાવથી શક્તિ વધે છે." બુદ્ધિ અને શક્તિ જેટલી વાપરો તેટલી વધે. હાડકાંમાં તાકાત એટલે કે, મજબુતાઈ તો જ રહે, જો એના પર વજન પડે (સ્ટ્રેસ). "નિયમિત ચાલવાની કસરતથી હાડકાં પર વજન આવે છે, જે હાડકાંની ઘટ્ટતા વધારે છે."

બાળકોએ યુવાન થતાં પહેલાં કસરત ચાલુ કરવી જોઈએ.

બહેનોમાં મેનોપોઝ શરૂ થાય તે પહેલાં આ કસરત ચાલુ કરવી જોઈએ. યુવાનોએ હળવી કસરત જેવી કે, સાઈકલિંગ એ હૃદય અને ફેફસાં માટે ફાયદાકારક છે.

સામાન્ય નિયમ એ છે કે, વ્યકિતએ ઉંમરને, અન્ય દુઃખાવાને, શરીરની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કસરત કરવી જોઈએ. દોડવું, ચાલવું, રમવું, ડાન્સ કરવો વગેરે ૩૦થી ૪૫ મિનિટ કરવાથી ઑસ્ટિઓપોરોસીસને રોકી શકાય છે. ◆

*(ક્રમશઃ)*


ખારઘર, નવી મુંબઈ ખાતે પોથીયાત્રામાં બહેનો


પોથીયાત્રામાં સહભાગી સંતો અને અક્ષરમુક્તો


પારાયણ પૂર્વે મંત્રપુષ્પાંજલિ અર્પણ


જ્ઞાનભક્તિ પારાયણમાં પૂ. અશ્વિનદાદાની પરાવાણી


સંતભગવંત સાહેબજીની આશિષવર્ષા


પૂ. મનોજદાસજી દ્વારા સત્સંગલાભ પ્રદાન


ખારઘર મંદિર પાટોત્સવવિધિમાં બિરાજમાન યજમાનો


શ્રી ધામ-ધામી-મુક્ત મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન


શ્રી ઠાકોરજી સમક્ષ પ્રાર્થના-સંકલ્પ


શ્રી ગણપતિ દેવ સમક્ષ પ્રાર્થના-સંકલ્પ


ઈષ્ટ સ્વરૂપો સમક્ષ પ્રાર્થના-સંકલ્પ


ઈષ્ટ સ્વરૂપો સમક્ષ પ્રાર્થના-સંકલ્પ


શ્રી હનુમાનજી દેવ સમક્ષ પ્રાર્થના-સંકલ્પ


શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્પણ


પાટોત્સવ પ્રસંગે સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન


શ્રી ઠાકોરજીને પાટોત્સવ આરતી અર્પણ




તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજીનાં અભિવાદન



આશીર્દાન : પૂ. અશ્વિનદાદા



આશીર્દાન : પૂ. શાંતિદાદા



ધન્યભાવ : પૂ. મનોજદાસજી



આશીર્દાન : ગુરુવર્ય પ.પૂ. સાહેબદાદા


**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2021-23

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-05-22 * Office of Origin : Vitthal Udyognagar

Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008



*

**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**